આજનો સુવિચાર

દરેક તકને ઝડપી લેવી એ મહાન થવાનું લક્ષણ છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૫૭ જૂનાગઢ તા.૧૫-૦૬-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 157, Junagadh : Date : 15 Jun, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## ભારતની ચટણી વિશ્વની ટોપ-૫૦માં વાનગીમાં સ્થાન પામી

નવી દિલ્હી, તા.૧૫: જેમ બીજા દેશોની ખાણી-પીણીમાં વાનગી અને સૉસ બહુ મહત્ત્વ ધરાવે છે એમ ભારતીય ફૂડમાં ચટણીઓનું સ્થાન છે. ટેસ્ટઍટલસ મૅગેઝિન દ્વારા જૂન ૨૦૨૪માં વિશ્વનાં બેસ્ટ ડિપ્સની યાદી બહાર પાડવામાં આવી છે જેમાં કોથમીર-મરચાંની ચટણીનો નંબર ૪૨મો છે અને કેરીની ચટણીનો નંબર ૫૦મો છે. વિશ્વનું સૌથી બેસ્ટ ડિપનું સ્થાન મળ્યું હતું મિડલ-ઈસ્ટર્ન કવિઝીનના 'તુમ'ને. તુમ એ લસણ અને ઑલિવ ઑઈલને ખૂબ બારીક પીસીને બનાવાતું ડિપ છે.

મૅન્ગોની ડિશીઝમાં આમરસ નંબર વન ઉનાળાની સીઝન એટલે કેરીનો સમય. ટેસ્ટઍટલસ મૅગેઝિને ૨૦૨૪ની સીઝનમાં મૅન્ગોની સૌથી ટેસ્ટી ટૉપ૧૦ ડિશીઝની યાદી બહાર પાડી હતી એમાં પણ ભારતનો આમરસ નંબર -૧ રહ્યો હતો.

## એકથી વધુ સીમ કાર્ડ માટે ચાર્જ વસુલવાની વાત માત્ર અફવા

નવી દિલ્હીઃ તા ૧૫

ટેલિકોમ રેગ્યુલેટર TRAI એ નવા નંબરિંગ પ્લાન અંગે તાજેતરમાં રજૂ કરેલા તેના કન્સલ્ટેશન પેપર પર સ્પષ્ટતા આપી છે. ટ્રાઈએ એક પ્રેસ રિલીઝ જારી કરીને ગ્રાહકો પાસેથી એક કરતાં વધુ સિમ અને નંબરિંગ રિસોર્સ ધરાવવા માટે ચાર્જ વસૂલવાની અટકળોને ફગાવી દીધી છે. ટ્રાઈએ કહ્યું કે કેટલીક મીડિયા સંસ્થાઓમાં આવા અહેવાલો આવ્યા છે.

જે મુજબ ટ્રાઈએ મોબાઈલ અને લેન્ડલાઈન નંબર રાખવા માટે ફી વસૂલવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેથી આ સંસાધનોનો યોગ્ય રીતે ઉપયોગ કરી શકાય.

## ૧૫ જુલાઈથી હવે નંબરની સાથે જ કોલ કરનારની ઓળખ દેખાશે

નવી દિલ્હી, તા.૧૫: હવે તમે કોલ કરનારને સરળતાથી ઓળખી શકાશે. ટેલિકોમ કંપનીઓએ ફોન કરનારનું નામ તેના નંબર સાથે બતાવવાનું શરૂ કરી દીધું છે. કંપનીઓએ મુંબઈ અને હરિયાણામાં તેનું ટ્રાયલ શરૂ કરી દીધું છે. સરકારે ટેલિકોમ કંપનીઓને ૧૫ જુલાઈ સુધીમાં સમગ્ર દેશમાં તેને લાગુ કરવા સૂચના આપી છે.

તમને જણાવી દઈએ કે આ નામો જે કંપનીઓ તમને કોલ કરતી વખતે બતાવશે તે સિમ ખરીદતી વખતે ફોર્મ પર આપવામાં આવેલી માહિતી પર આધારિત હશે. કંપનીનું કહેવું છે કે આ સાયબર ફ્રોડને રોકવાના હેતુથી કરવામાં આવી રહ્યું છે.

ટ્રૂકોલર જેવી એપ પર નામ ID બનાવતી વખતે આપવામાં આવેલી માહિતીના આધારે બતાવવામાં આવે છે. ટેલિકોમ કંપનીઓને ટેલિકોમ્યુનિકેશન વિભાગ દ્વારા આમ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. એટલું જ નહીં આ પગલું મોદી સરકારના પ્રથમ ૧૦૦ દિવસના એજન્ડામાં સામેલ છે.

# છત્તિસગઢનાં નારાયણપુરમાં પોલીસ સાથેનાં એન્કાઉન્ટરમાં ૮ નકસલીઓ ઠાર : એક જવાન શહિદ



રાયપુર તા. ૧૫ : છત્તીસગઢના નારાયણપુર વિસ્તારમાં પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચેની અથડામણમાં ૮ નક્સલવાદીઓ માર્યા ગયા હોવાના અહેવાલ છે. આ લખાય રહયું છે ત્યારે પણ મળતી માહિતી મુજબ એન્કાઉન્ટર ચાલી રહ્યું છે. નારાયણપુર જિલ્લાના માડ વિસ્તારમાં છેલ્લા બે દિવસથી સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર ચાલી રહ્યું છે. આ એન્કાઉન્ટરમાં, નારાયણપુર-કોંડાગાંવ-કાંકેર-દંતેવાડા DRG, STF અને ITBP ૫૩મી બટાલિયનના દળો સામેલ છે અને નકસલવાદીઓ સામે ઝડપી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

અબુઝહમદમાં પોલીસ અધિકારીઓએ જણાવ્યું છે કે સુરક્ષા દળો સાથેની અથડામણમાં અત્યાર સુધીમાં કુલ ૮ નકસલવાદીઓ માર્યા ગયા છે અને સેનાનો એક જવાન પણ શહીદ થયો છે. બે જવાનો ઘાયલ થયા છે. મળતી માહિતી મુજબ, છત્તીસગઢના નકસલ પ્રભાવિત બસ્તર વિસ્તારમાં વિસ્ફોટની અલગ-અલગ ઘટનાઓ પણ સામે આવી છે જેમાં સુરક્ષા દળોના ત્રણ જવાન ઘાયલ થયા છે. બસ્તરમાં લેન્ડમાઈન વિસ્ફોટમાં ITBPના બે જવાન ઘાયલ થયા હતા, જ્યારે બીજાપુરમાં પ્રેશર બોમ્બ વિસ્ફોટમાં સુરક્ષા દળનો એક જવાન ઘાયલ થયો હતો.

# મોહન ભાગવત, ઈન્દ્રેશ કુમારનાં નિવેદનથી ભારે વિવાદ સર્જાતા સંઘે યુ-ટર્ન માર્યો



નવી દિલ્હી,તા.૧૫

લોકસભા ચૂંટણીમાં ભાજપને મળેલી અપુરતી બહુમતી મામલે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના પ્રમુખ ભાગવત તેમજ સંઘના અન્ય વરિષ્ઠ નેતાએ આપેલા નિવેદનથી વિવાદ થતા હવે સંઘે ફેરવી તોળ્યું છે. સંઘે જણાવ્યું છે કે ભાગવતનું નિવેદન સ્વયં સેવકો માટે હતું, તેને ભાજપ સાથે કંઈ લેવા-દેવા નથી તો ઈન્દ્રેશકુમારના નિવેદનને 'અંગત' ગણાવ્યું હતું!

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘે સ્પષ્ટતા કરી હતી કે, લોકસભા ચૂંટણી પરિણામો તેમજ અન્ય કોઈ મુદ્દે તેના ભાજપ સાથે કોઈ મતભેદ નથી. સંઘ પ્રમુખ મોહન ભાગવતે નાગપુરમાં સંઘના ત્રીજા વર્ષના શિક્ષા વર્ગના સમાપન પર સ્વયંસેવકોને સેવાકાર્યમાં અહંકારથી બચવાનું આહવાન કર્યુ હતું, નહીં કે કોઈ પક્ષ કે કોઈ પક્ષના રાજનેતા માટે. આ સાથે જ સંઘે પોતાના વરિષ્ઠ પ્રચારક ઈન્દ્રેશકુમારના નિવેદનને અંગત કહ્યું હતું. જો કે સંઘે એ માન્યુ છે કે આ વખતની ચૂંટણીમાં કડવાશ વધી છે.

સંઘનું કહેવું છે કે આ વખતની ચૂંટણીમાં કડવાશ વધી છે. ભાજપ અધ્યક્ષ જે.પી.નડ્ડાના સંઘના બારામાં નિવેદનને પણ ગંભીરતાથી નથી લેવાયું, પણ માન્યુ છે કે આથી સ્વયં સેવકો પર અસર પડી છે. સૂત્રો અનુસાર, નડ્ડાએ પોતાના નિવેદનમાં સંઘ નેતાઓને પણ સફાઈ આપી હતી.

વરિષ્ઠ નેતાએ સંઘના કાર્યકારિણીના સભ્ય ઈન્દ્રેશકુમારના નિવેદનને અંગત બતાવતા કહ્યું હતું કે સંઘ કયારેય સીટોને લઈને અને રાજનીતિને લઈને વાત નથી કરતુ. 'ઓર્ગેનાઈઝર' માં પ્રકાશિત લેખને પણ સ્વયં સેવકોની ભાવના માની અને કહ્યું હતું કે આ સંઘનો વિચાર નથી.

# ઉત્તર ભારતમાં હજુ આગામી પાંચ દિવસ સુધી ગરમીનું હાઈએલર્ટ : આકાશમાંથી અંગારા વરસશે

નવી દિલ્હી તા. ૧૫

દેશના અનેક ભાગોમાં આકરી ગરમીથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ઘણા દિવસો સુધી ગરમીમાંથી કોઈ રાહત નથી. હવામાન વિભાગે કહ્યું કે આગામી ૪-૫ દિવસ દરમિયાન ઉત્તર ભારતના ઘણા ભાગોમાં તીવ્ર ગરમીનું મોજું આવવાની શક્યતા છે, ઉત્તર-પૂર્વના ઘણા રાજ્યોમાં વરસાદને લઈને ચેતવણી પણ જારી કરવામાં આવી છે

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૧૫ જૂન, ૨૦૨૪ના રોજ ઉત્તર પ્રદેશના ઘણા ભાગો અને ઉત્તરાખંડ, હરિયાણા-ચંદીગઢ-દિલ્હી, પંજાબ અને ઝારખંડના કેટલાક ભાગોમાં તીવ્ર હીટવેવની સ્થિતિની સંભાવના છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઉત્તર પ્રદેશ, હરિયાણા-ચંદીગઢ-દિલ્હી અને પંજાબના જુદા જુદા ભાગોમાં છેલ્લા ઘણા દિવસોથી ગરમીની સ્થિતિ યથાવત છે ૧૭ જૂને હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વિવિધ સ્થળોએ હીટવેવની આગાહી કરવામાં આવી છે. ૧૭ જૂને ઉત્તરપૂર્વ રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, જમ્મુ વિભાગ અને ઓડિશામાં હીટવેવની સ્થિતિ પ્રવર્તે તેવી શક્યતા છે. ૧૮ જૂન, ૨૦૨૪ ના રોજ હરિયાણા-ચંદીગઢ-દિલ્હી, પંજાબ અને પૂર્વીય ઉત્તર પ્રદેશના વિવિધ વિસ્તારોમાં ગરમીની લહેર આવવાની સંભાવના છે.

## ઝારખંડનાં લાતેહારમાં ટ્રેનમાં આગ લાગવાની અફવા ફેલાતા મુસાફરો કુદી પડયા : ત્રણનાં મોત

રાંચી તા. ૧૫ ઝારખંડના લાતેહારમાં સાસારામ-રાંચી ઈન્ટરસિટી એક્સપ્રેસમાં આગ લાગવાની અફવાએ ત્રણ લોકોના જીવ લીધા છે. ઈન્ટરસિટી એક્સપ્રેસ કુમંડીહ સ્ટેશન પર પહોંચી ત્યારે જ કોઈએ એલાર્મ વગાડ્યું કે ટ્રેનના એન્જિનમાં આગ લાગી છે. જેના કારણે મુસાફરોમાં ભયનો માહોલ સર્જાયો હતો. મુસાફરો ટ્રેનમાંથી ઉતરીને દોડવા લાગ્યા. તે જ સમયે વિરુદ્ધ દિશામાંથી એક માલગાડી આવી, જેણે ઘણા મુસાફરોને ટક્કર મારી હતી

કહેવામાં આવી રહ્યું છે કે ત્રણ લોકોના મોત થયા છે. તેમાં બે પુરુષ અને એક મહિલા મુસાફરો છે. હજુ સુધી મૃતકોની ઓળખ થઈ શકી નથી. અનેક લોકો ઘાયલ થયા છે. સુત્રોનાં જણાવ્યા મુજબ મૃતકોની સંખ્યા વધી શકે છે. રેલવેના ઘણા વરિષ્ઠ અધિકારીઓ અને પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. રાહત અને બચાવ કાર્ય ચાલુ છે. હજુ સુધી આ મામલે રેલવે તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

# સુરતનાં જહાંગીરપુરામાં એકજ પરીવારનાં ચાર લોકો રાત્રે સુતા બાદ ઉઠયા જ નહી : ફૂડ પોઈઝનીંગ કે આત્મહત્યા ?

સુરત તા. ૧૫

સુરતના જહાગીરપુરા વિસ્તારમાં એક જ પરિવારના ૪ વૃધ્ધલોકો રાત્રે સૂતા બાદ સવારે ઊઠ્યા જ નહીં. ચારેય લોકોએ સામૂહિક આપઘાત કર્યાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. હાલ પોલીસકાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો છે, તપાસ ચાલુ છે.

મૃતકોનાં સંબંધી જયેન્દ્રસિંહે જણાવ્યું હતું કે, આ પરિવાર મારા કાકા થાય છે. મારા કાકા કોરોનામાં ગુજરી ગયા હતા. મારા કાકી અને તેના બે છોકરા અહીં રહે છે. મૃતકોમાં ત્રણ મહિલા અને એક પુરૂષ છે. ત્રણેય બહેનો છે, ગામડેથી આવ્યા છે એને હું ઓળખતો નથી. ગઈકાલે રાત્રે બધા સાથે જમ્યા હતા. બાદમાં સવારે તેના પરિવારના એક બહેન નાસ્તો લઈને આવ્યા ત્યારે ઘરમાં બધા ગમે તેમ પડેલા હતા. પોલીસની કાર્યવાહી થાય અને મેડિકલ રિપોર્ટ આવે તેના પર બધો મદાર છે. પરિવારમાં પાંચ સભ્યો છે. જેમાં નાનો દીકરો ગોવા છે અને બીજો અહીંયા જ રહે છે.

એસીપી આર.પી. ઝાલાએ જણાવ્યું હતું કે, હાલમાં તમામનું કઈ રીતે મોત થયું છે તેની કોઈ માહિતી મળી નથી. ફૂડ પોઈઝનિંગ છે કે સુસાઈડ કર્યું છે કે શું છે ખરેખર એ જાણવા માટે એફએસએલની ટીમ બોલાવી છે. મૃતકનો દીકરો મુકેશભાઈ પણ બાજુના મકાનમાં રહે છે. વીડિયોગ્રાફી કરી આખા ઘરનું સર્ચ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. મરનારના નામમાં એકનું નામ જાણવા મળ્યું છે, જેનું નામ જશુબેન છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, રાજન રેસિડેન્સીના પાંચમા માળે ફ્લેટમાં ચાર લોકો રહેતા હતા, જેમાં ત્રણ મહિલા અને એક પુરુષનો સમાવેશ થાય છે. તમામની ઉંમર ૫૫થી ૬૦ વર્ષની છે. રાત્રે જમ્યા બાદ ચારેય સૂતાં હતાં અને સવારે ઊઠ્યા જ નહીં અને મૃત હાલતમાં મળ્યા છે. બાજુમાં જ પરિવારનો એક પુત્ર રહે છે. તેણે સવારે દરવાજો ખખડાવ્યો પણ ખોલ્યો નહોતો, આથી તેની પાસે બીજી ચાવી હતી એનાથી ઘરનો દરવાજો ખોલ્યો હતો. અંદર જોતા ચારેય મૃત હાલતમાં જોવા મળ્યા હતા. ચારેયે રાત્રે પૂરી અને કેરીનો રસ આરોગ્યો હતો. ત્યાર બાદ ફૂડ-પોઈઝિંગ થયું હોય એવું પણ માનવામાં આવે છે. ચારેયનાં મોત હાલ શંકાસ્પદ માનવામાં આવી રહ્યાં છે.

જહાગીરપુરામાં આવેલી રાજન રેસિડેન્સીમાં આ બનાવ સામે આવ્યો છે. ઘટનાને પગલે આજુબાજુનાં ઘરમાંથી પણ લોકો એકત્ર થઈ ગયા છે. ઘટના પાછળનું કારણ હાલ અકબંધ છે. પોલીસે આજુબાજુનાં ઘરના લોકોનાં નિવેદન લેવાનું શરૂ કર્યું છે.

## અમરેલીનાં સુરગપરામાં બોરમાં પડી ગયેલી બાળકી આરોહી જીવન સામેનો જંગ હારી ગઈ

અમરેલી તા.૧૫

અમરેલીના સુરગપરા ગામની સીમમાં બોરવેલમાં બાળકી પડી જવાની ઘટના બની હતી. ગઈકાલે બપોરના સમયે દોઢ વર્ષની બાળકી રમતાં રમતાં બોરમાં પડી જતાં અમરેલી ફાયર અને ૧૦૮ની ટીમોએ ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતી. બોરમાં ઉતારેલા કેમેરામાં બાળકીના માથા પર માટી પડી હોવાનું દેખાઈ રહ્યું હતું. ફાયર વિભાગે રોબોટની મદદથી પણ બાળકીના માથાની પકડ કરી રેસ્ક્યૂ કરવાનો પ્રયત્ન કર્યો હતો. જોકે આ પ્રયત્ન પણ નિષ્ફળ રહ્યો હતો. ત્યારે ૧૭ કલાક બાદ આરોહીને બોરમાંથી કાઢવામાં આવી છે, જોકે તેનો જીવ બચાવી શકાયો નથી. અમરેલીના સુરગપરા ગામે બોરમાં પડેલી આરોહી નામની બાળકી આખરે જીવન સાથેની લડાઈ હારી ગઈ છે. એનડીઆરએફ અને અમરેલી ફાયર વિભાગ દ્વારા આરોહીને બોરમાંથી બહાર કાઢવા માટે ૧૭ કલાક સુધી ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું. ત્યારે આરોહીને બોરમાંથી બહાર તો કાઢવામાં આવી છે, પણ માત્ર આરોહીનો મૃતદેહને બોરમાંથી બહાર કાઢવામાં આવ્યો છે. હેલ્થ વિભાગના અધિકારીઓએ આરોહિની તપાસ બાદ તેને મૃત જાહેર કરી હતી. સ્થાનિક તંત્ર, અમરેલી ફાયર વિભાગ અને એન ડી.આર.એફની ટીમોએ બાળકીને બચાવવા માટે ખૂબ મહેનત કરી હતી, પરંતુ તેનો જીવ બચાવી શક્યાં નહોતાં.

## રાજકોટ અગ્નીકાંડ મામલે કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ : પોલીસ સાથે ઘર્ષણ

રાજકોટ તા.૧૫

રાજકોટ અગ્નીકાંડ મામલે આજે રાજકોટ શહેરમાં કોંગ્રેસ દ્વારા ઉગ્ર પ્રદશર્ન કરવામાં આવી રહયું છે. કોંગ્રેસનાં ગુજરાતમાં એકમાત્ર સાંસદ ગેનીબેન ઠાકોર, ધારાસભ્યો જીગ્નેશ મેવાણી, વિમલ ચુડાસમા, અમીત ચાવડા સહિતનાં નેતાઓ દ્વારા ઉગ્ર પ્રદર્શન થઈ રહયું છે. જેમાં પોલીસ કમિશ્નર ઓફીસનાં રોડ પર ચક્કાજામ કરવામાં આવ્યો હતો. પોલીસ સાથે ઘર્ષણ થતાં પોલીસે કોંગ્રેસ કાર્યકરોની ટીંગાટોળી કરી અટકાયત કરી છે. પોલીસ દ્વારા બહુમાળી ચોકથી જીલ્લા પંચાયત ચોક સુધીનો માર્ગ બંધ કરવામાં આવ્યો હતો.

રાજકોટના અગ્નિકાંડમાં હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી થઈ રહી નથી અને જવાબદાર મોટી માછલીઓને બચાવવાના ખેલ થઈ રહ્યા છે, તેવા આક્ષેપ સાથે આજે કોંગ્રેસ પોલીસ કમિશનર કચેરીનો ઘેરાવ કરી કમિશનરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. કોંગ્રેસના ગુજરાતના એકમાત્ર સાંસદ ગેનીબેન ઠાકોર, અમિત ચાવડા, જિજ્ઞેશ મેવાણી, વિમલ ચુડાસમા સહિતના નેતાઓ આ સમયે ઉપસ્થિત રહયા હતા. સીટના વડા સુભાષ ત્રિવેદીને બદલાવવાની માગ છે. ન્યાય ન મળે ત્યાં સુધી લડત ચાલુ રાખવા કોંગ્રેસની તૈયારી છે.

સીટના વડા સુભાષ ત્રિવેદીને બદલાવવાની માગ અને ન્યાય માટે કોંગ્રેસ મેદાનમાં ઉતરી છે જેમાં મોટી સંખ્યામાં લોકો એકત્ર થયાં છે. જેમાં TRP ગેમ ઝોનમાં ભોગ બનનાર યુવકને સાથે રાખવામાં આવ્યો હતો.

અગ્નિકાંડ બાદ છેલ્લા પંદર દિવસથી રાજકોટમાં ડેરા તંબુ તાણીને બેઠેલા પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ જણાવ્યું હતું કે, દુર્ઘટનાનો ભોગ બનેલા લોકોના પરિવારજનોને રૂબરૂ મળીને તેમની વેદના સાંભળી છે. તે લોકો તેમજ રાજકોટ શહેરના લોકોમાં એક જ ચર્ચા છે કે, આ દુર્ઘટનાના સાચા જવાબદારો સામે કાર્યવાહી થાય તેવા કોઈ નિર્દેશ મળતા નથી.

### સમાચાર રાઉન્ડ અપ

● દેશનું સૌથી સમૃધ્ધ રાજય ગુજરાત નહી મહારાષ્ટ્ર છે

● છેલ્લા ત્રણ વર્ષમાં દેશની ૪૭ ટકા વસ્તી સાઈબર ફ્રોડનો ભોગ બની

● ગુજરાતમાં ૨.૪ કરોડ લોકોનું આરોગ્ય સ્ક્રિનીંગ કરાયું : ૧૧ લાખ લોકોને સુગરની બીમારી અને ૧૧.૦૭ લોકોને હાઈપર ટેન્શન

● વરીષ્ઠ પત્રકાર રજત શર્માએ કોંગ્રેસનાં નેતાઓ સામે કરેલ માનહાની કેસનો ચુકાદો અનામત


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

ડો. પ્રતિક ટાંક

ઓર્થોપેડીક એન્ડ જલઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન





આયુષ્માન ભારત કાર્ડ હેઠળ જોઈન્ટ રીપ્લેસમેન્ટ ''તદન ફ્રી''

થાપાના અને ગોઠણના સાંધા બદલ્યા બાદ દર્દી પલાઠી વાળીને બેસી શકે છે

હાડકાનાં તમામ રોગોનું નિદાન અને યોગ્ય સારવાર

● જોઈન્ટ રીપ્લેસમેન્ટ - ઘુંટણના સાંધા તથા થાપાના ગોળા બદલવાના ઓપરેશન
● તમામ પ્રકારના ફ્રેકચરની સારવાર
● કમર, ગરદન, હાથ-પગમાં ખાલી ચડવી તથા સાયટીકા તમામ પ્રકારના 'વા', સ્નાયુનાં દુઃખાવા

● વાહન અકસ્માતમાં પ્રથમ ૪૮ કલાક માટે નિયત મફત સારવાર
● દરેક પ્રકારનાં ''હેલ્થ ઈન્સ્યુરન્સ'' કલેઈમમાં સારવાર ઉપલબ્ધ છે

વધુ માહિતી માટે સંપર્ક મો. ૯૫૧૦૯ ૧૫૫૦૨

ત્રિમૂર્તિ હોસ્પીટલ

બસસ્ટેશન પાસે, જૂનાગઢ - ૩૬૨૦૦૧.
૯૭૨૭૭ ૪૭૧૨૫



છેલ્લા ૨ દિવસ......

બોમ્બે બજાર શો-રૂમ બંધ કરવાનો હોવાથી

સ્ટોક કલીયર કરવા સબબ દરેક સ્કૂલ યુનિફોર્મ તેમજ કાપડ

વાઈટ, એપ્રોન વાઈટ ઝબ્બા
આલ્ફા સ્કૂલ, કાલરીયા સ્કૂલ અને નોબલ સ્કૂલનાં યુનિફોર્મ અડધા ભાવમાં

પાણીનાં ભાવમાં રૂા. ૫૦૦ની આઈટમ
ફક્ત રૂા. ૧૫૦/માં
જૂજ માલ જ હોય આ ભાવમાં પછી મળશે નહી
જેનિલ શોપીંગ સેન્ટર - જૂનાગઢ
મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



Since 1983

શંખ બ્રાન્ડ મસાલા

ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો



# ખાનગી લકઝરી બસમાંથી જવનલશીલ પ્રવાહી મળી આવતાં ૪ સામે કાર્યવાહી : કુલ રૂા. ૨૮ લાખનો મુદામાલ જપ્ત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ, તા.૧૫

કેશોદ પોલીસ સ્ટેશનનાં એએસઆઈ યોગેશભાઈ જીવાભાઈએ પાર્થ નાગજીભાઈ ડોબરીયા, ઈરફાનભાઈ પીરૂભાઈ ધંધુકીયા, રામભાઈ પેથાભાઈ ભીંટ, હીરેનભાઈ ભીખાભાઈ ગળચર તથા તપાસમાં ખુલે તે તમામ સામે ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં આરોપી નં. ૧ તથા ૨ અને કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકો રજી. નંબર વગરની મહીન્દ્રા કંપનીની બોલેરો પીકઅપ વાહનના પાછળના ઠાઠાના ભાગે લગાવેલ ટેન્કમાં કોઈપણ આધાર પરમીટ વગર કે કોઈપણ પ્રકારનાં ફાયર સેફટીના સાધનો રાખ્યા વિના ભરી આવી બસમાં ફયુલ કરી જે સહેલાઈથી આગ લાગવાથી સળગી ઉઠે અને આવા કૃત્યથી જાનહાની થવાની પુરેપુરી શકયતા હોય તેવું જાણવા છતાં જાણી જોઈને બેદરકારીભર્યુ કૃત્ય આચરી રેડ દરમ્યાન ન્યુ ભારત ટ્રાવેલ્સ બસ નં. જીજે-૦૫-સીડબલ્યુ ૫૮૪૯ની કિંમત રૂા. ૨૫ લાખ તથા મહીન્દ્રા કંપનીની બોલેરો પીકવાન રજી. નંબર વગરની કિંમત રૂા. ૫૦ હજાર તથા બેટરી રૂા. ૧૫૦૦, ફીલર મશીન રૂા. ૨૦ હજાર, ટેન્ક કિંમત રૂા. ૩૫ હજાર, જવનશીલ પ્રવાહી આશરે લીટર ૧૪૩૫ કિંમત રૂા. ૧૦૦૪૫૦, સ્પલેન્ડર મોટર સાયકલ નં. જીજે-૧૧-સીએમ ૯૫૫૭ કિંમત રૂા. ૩૦ હજાર, મોબાઈલ ફોન-૪ કિંમત રૂા. ૧૨ હજાર તથા રોકડા રૂા. ૫૧૬૮૦ મળી કુલ રૂા. ૨૮૦૦૬૩૦નાં મુદામાલ સાથે આરોપી નં. ૧ તથા ૨ તેમજ કાયદાના સંઘર્માં આવેલ બાળક ૩ તથા ૪ હાજર મળી આવી એકબીજાને મદદગારી કર્યાનો ગુનો નોંધાતા કેશોદનાં પીએસઆઈ પી.આર. બાલાસરાએ વધુ તપાસ હાથ ધરી છે.

## આરોહીએ જીંદગીની લડાઈ હારી

# ૧૭ કલાક સુધી બોરવેલમાં ફસાયા બાદ દોઢ વર્ષની બાળકીનું મોત

### એનડીઆરએફ અને સ્થાનિક પ્રશાસનની ટીમ તેને જીવતી બચાવી શકી ન હતી, અગાઉ રીવામાં પણ આવી જ ઘટના બની હતી

અમરેલી, તા.૧૫

ગુજરાતના અમરેલીમાં રેસ્ક્યુ ઓપરેશનના ૧૭ કલાક બાદ પણ બોરવેલમાં પડી ગયેલી માસૂમ બાળકી આરોહીને બચાવી શકાઈ નથી. જ્યારે બાળકીને બહાર કાઢવામાં આવી ત્યારે ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી. એનડીઆરએફ અને સ્થાનિક પ્રશાસનની ટીમ તેને જીવતો બચાવી શકી ન હતી. અગાઉ રીવામાં પણ આવી જ ઘટના બની હતી.

ગુજરાતના અમરેલીમાં બોરવેલમાં પડી ગયેલી બાળકી જીવનની લડાઈ હારી ગઈ. NDRF અને સ્થાનિક પ્રશાસનના તમામ પ્રયાસો છતાં આરોહી નામની આ બાળકીને બચાવી શકાઈ નથી. તે માત્ર દોઢ વર્ષની હતી અને અન્ય બાળકો સાથે રમતી હતી.આ ઘટના અમરેલીના સુરગપુરા ગામમાં બની હતી જ્યાં આરોહી બોરવેલમાં પડી હતી. NDRF અને અમરેલી ફાયર વિભાગે ૧૭ કલાક સુધી આરોહીને બોરવેલમાંથી બહાર કાઢવાનો પ્રયાસ કર્યો પરંતુ તેઓ સફળ થઈ શક્યા નહીં. જ્યારે આરોહીને બહાર કાઢવામાં આવી ત્યારે તેણીનું મૃત્યુ થયું હતું. આરોહીને બોરવેલમાંથી જીવતી બચાવવા માટે ૧૭ કલાક સુધી ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જ્યારે આરોહીને બોરવેલમાંથી બહાર કાઢીને તપાસવામાં આવી ત્યારે આરોગ્ય વિભાગના અધિકારીઓએ આરોહીને મૃત જાહેર કરી હતી.આ પછી, આરોહીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. આરોહીના મૃત્યુ બાદ તેના ઘરમાં શોકનો માહોલ છે. તમને જણાવી દઈએ કે આ પહેલા એપ્રિલ મહિનામાં મધ્યપ્રદેશના રીવામાં એક બાળક બોરવેલમાં પડી જવાની ઘટના સામે આવી હતી અને તે બાળકનું પણ મોત થયું હતું.૪૦ કલાકની મહેનત પછી પણ ૬ વર્ષના માસૂમ મયંકને બચાવી શકાયો ન હતો અને જ્યારે તેને બહાર કાઢવામાં આવ્યો ત્યારે તેનું મોત થયું હતું. ખેતરમાં બોરવેલમાં પડી ગયેલા ૭ વર્ષના બાળકને અનેક એજન્સીઓના અથાક પ્રયાસો છતાં જીવિત બચાવી શકાયું નથી. તે ૪૦ ફૂટ ઊંડા ખાડામાં ફસાઈ ગયો હતો.

## લેન મસ્જીદમાં આજે દુવાનો વિશેષ કાર્યક્રમ

જૂનાગઢ, તા.૧૫

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકની નજીક આવેલ લેન મસ્જીદ ખાતે આજે રાત્રીનાં ઈશાની નમાજ બાદ વિશેષ કાર્યક્રમ યોજવામાં આવેલ છે. જેમાં અરફાની રાત્રી હોય ખાસ દુવા કરવામાં આવશે. કાર્યક્રમ ઈશાની નમાજ બાદ તુરત યોજાશે. જેમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા ખીદતમ ગુજાર લેન મસ્જીદ અને તહફુજજે સુનીયત કમીટી જૂનાગઢની યાદીમાં જણાવાયું છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું - 'ગર્વની ક્ષણ!'

# ભૂકંપ પીડિતોની સ્મૃતિમાં બનેલ મ્યુઝિયમ 'પ્રિક્સ વર્સેલ્સ એવોર્ડ' માટે પસંદ

### "ગુજરાત માટે ગર્વની વાત છે કે પ્રથમ વખત કોઈ ભારતીય મ્યુઝિયમને સ્થાનિક સંસ્કૃતિ અને પ્રકૃતિ સંરક્ષણની અભિવ્યકિત માટે આટલી વૈશ્વિક ઓળખ મળી છે"

ગાંધીનગર, તા.૧૫

ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સપનું હતું કે વર્ષ ૨૦૦૧ના વિનાશક ભૂકંપમાં માર્યા ગયેલા લોકોની યાદમાં એક સંગ્રહાલય બનાવવાનું અને કચ્છની સ્થિતિસ્થાપકતાને શ્રધ્ધાંજલિ આપવાનું પણ સ્વપ્ન હતું. ગુજરાતમાં ભૂકંપ પીડિતોની સ્મૃતિમાં બનેલા મ્યુઝિયમ 'સ્મૃતિવન અર્થક્વેક મેમોરિયલ મ્યુઝિયમ'ની યુનેસ્કો દ્વારા પ્રિક્સ વર્સેલ્સ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શુક્રવારે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આ માહિતી આપી હતી. મુખ્યમંત્રીએ તેમની પોસ્ટમાં જણાવ્યું હતું કે ગુજરાત અને ભારત માટે ગર્વની ક્ષણ! દ્રઈજીઝ્ર દ્વારા દર વર્ષે આર્કિટેક્ચર અને ડિઝાઈન માટે જાહેર કરવામાં આવતા પ્રતિષ્ઠિત પ્રિક્સ વર્સેલ્સ એવોર્ડ હેઠળ ભુજમાં સ્મૃતિવન અર્થક્વેક મેમોરિયલ મ્યુઝિયમ વિશ્વના ૭ સૌથી સુંદર મ્યુઝિયમમાં સ્થાન પામ્યું છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "ગુજરાત માટે ગર્વની વાત છે કે પ્રથમ વખત કોઈ ભારતીય મ્યુઝિયમને સ્થાનિક સંસ્કૃતિ અને પ્રકૃતિ સંરક્ષણની અભિવ્યકિત માટે આટલી વૈશ્વિક ઓળખ મળી છે."ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વપ્ન હતું કે વર્ષ ૨૦૦૧ના વિનાશક ભૂકંપમાં માર્યા ગયેલાઓની યાદમાં એક સંગ્રહાલય બનાવવાનું અને કચ્છની સ્થિતિસ્થાપકતાને શ્રધ્ધાંજલિ આપવાનું પણ સ્વપ્ન હતું. એ જ આધારે ભુજમાં સ્મૃતિવનનું નિર્માણ થયું. ભુજિયા ટેકરી પર હજારો વૃક્ષોની વચ્ચે બનેલા આ મ્યુઝિયમની ડિઝાઈન અદ્દભુત છે.

આ સંગ્રહાલય પડકારોનો હિંમતપૂર્વક સામનો કરવાની અને તેમાંથી નવેસરથી નિર્માણ કરવાની વાર્તા છે. આ મ્યુઝિયમ એ પરમ તત્ત્વનો ગુણાતીત અનુભવ છે."તેના ઈતિહાસમાં પ્રથમ વખત, પ્રિક્સ વર્સેલ્સ ૨૦૨૪ માટે વિશ્વના સૌથી સુંદર સંગ્રહાલયોની સૂચિનું અનાવરણ કરી રહ્યું છે," UNESCOના પ્રિક્સ વર્સેલ્સે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે સાત નવા સંગ્રહાલયો સર્જનાત્મકતા, સ્થાનિક વારસો અને પર્યાવરણીય કાર્યક્ષમતાને એકસાથે લાવે છે. પ્રોજેક્ટ પ્રતિબિંબ અને તમારા પર્યાવરણ પર અસાધારણ છાપ છોડી દો.

# કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયાનું સન્માન કરાયું



જૂનાગઢ તા.૧૫ : ભાવનગરના નવનિયુકત ચુંટાઈ આવેલા સાંસદ નિમુબેન બાંભણીયાને કેન્દ્રીય મંત્રી તરીકે સ્થાન મળવા બદલ ભાવનગર નવનિધી દિવ્યાંગ ટ્રસ્ટના પ્રમુખ ગુજરાતી ફિલ્મ અભિનેત્રી ગીતાબેન અગ્રાવત દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

# મીઠાપુર હોસ્પિટલ ખાતે ટાટા કેમિકલ્સ દ્વારા વિનામૂલ્યે હેલ્થ કેમ્પનું આયોજન



(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૧૫

આગામી ૧૬ જુનને રવિવારે સવારે ૯ થી ૨ વાગ્યા સુધી તાતા કેમિકલ્સ દ્વારા આરોગ્ય કેમ્પનું આયોજન કરાયું છે. આ કેમ્પમાં ફીઝીશિયન અને સર્જન ડૉક્ટરો દ્વારા વિનામૂલ્યે જનરલ ચેક અપ કરવામાં આવશે અને એક્સપર્ટ ઓન્કોલોજીસ્ટ તેમજ કાર્ડિયોલોજિસ્ટ દ્વારા સ્પેશિયલાઈઝડ ચેક અપ તથા હોસ્પિટલની સુવિધાઓ, મેડિકલ ડિવાઈસિસ અને તેને સંબંધિત ઈન્સ્ટ્રુમેન્ટસની ફુલ એક્સેસ અને કન્સલટેશન પુરા પાડવામાં આવશે. આ કેમ્પમાં સેવા ઈચ્છુક દર્દીઓ માટે સવારે ૭.૩૦ વાગે રજિસ્ટ્રેશન શરુ થશે. ઓખામંડળનાં લોકોને આ કેમ્પ નો લાભ લેવા જણાવાયું છે.

# અજાબ ગામની પરીણીતાની સાસરીયાઓ સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ, તા.૧૫

માળીયાહાટીના તાલુકાનાં અજાબ ગામે રહેતા દિપીકાબેન મીલનભાઈ જેઠવાએ તેમનાં સાસરીયા મીલનભાઈ ભીમજીભાઈ જેઠવા, ભીમજીભાઈ મનજીભાઈ જેઠવા અને રમાબેન ભીમજીભાઈ જેઠવા સામે પોલીસમાં ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં આરોપી નં. ૧ ફરીયાદીનાં પતિ, નં. ૨ અને નં. ૩ સાસુ-સસરાએ ફરીયાદી બહેનને ઘરકામ બાબતે મેણાટોણા મારી અવાર નવાર ભુંડી ગાળો આપી ફરીયાદીને ઢીકાપાટુનો માર મારી એકબીજાને ચઢામણીઓ કરી શારીરીક તથા માનસીક દુઃખ ત્રાસ આપ્યાની ચોરવાડ પોલીસમાં ફરીયાદ નોંધાવતાં ચોરવાડનાં પીએસઆઈ કે.એમ. ગઢવીએ તપાસ હાથ ધરી છે.

# ૪ દિવસ બાદ ચોમાસુ ફરીથી સક્રિય થશે, વાદળો છવાયા : શહેરમાં ગરમીનો પારો ૩૯.૨ ડિગ્રી નોંધાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ સહિત સોરઠમાં વાદળો છવાઈ જવાની સાથે અસહ્ય ઉકળાટ થતા લોકો પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. ગુરૂવારની રાતે જૂનાગઢનું તાપમાન ૩૦.૪ ડિગ્રી નોંધાયા બાદ શુક્રવારની સવારે આકાશ વાદળમય થઈ ગયું હતું અને સતત બીજા દિવસે પણ લઘુતમ તાપમાન ૨૮.૨ ડિગ્રી નોંધાયું હતું. આ સાથે સવારે વાતાવરણમાં ૭૭ ટકા ભેજ રહ્યો હતો. ગુરૂવારે મહત્તમ તાપમાનનો પારો ૩૯.૨ ડિગ્રીએ સ્થિર રહ્યા બાદ શુક્રવારે તાપમાન ઘટીને ૩૮.૯ ડિગ્રી રહ્યું હતું. અને વાતાવરણમાં ૩૮ ટકા ભેજ રહેતા ઉકળાટે લોકોને પરેશાન કરી મૂક્યા હતા. દિવસ દરમ્યાન વાતાવરણ વચ્ચે પવનની પ્રતિ કલાકની ઝડપ ૧૦.૯ કિલોમીટરની રહી હતી. દરમ્યાન હવામાન નિષ્ણાંત ધીમંત વઘાસીયાએ જણાવ્યું હતું કે, હજુ ૪ દિવસ ચોમાસુ શરૂ થવા માટે સાનુકૂળ સ્થિતિ છે નહીં. ૪ દિવસ બાદ ચોમાસુ આગળ વધે તેવી શક્યતા છે.

# એડીજીપીએ આગામી અમરનાથ યાત્રાની તૈયારીઓની સમીક્ષા કરી

### આ બેઠકમાં પોલીસ અને સુરક્ષા દળોના વરિષ્ઠ અધિકારીઓ તેમજ તમામ જિલ્લાના વરિષ્ઠ પોલીસ અધિક્ષક અને રેન્જના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલોએ ભાગ લીધો હતો



નવી દિલ્હી, તા.૧૫

જમ્મુમાં આગામી અમરનાથ યાત્રા 2024 ની તૈયારીઓને ધ્યાનમાં રાખીને, અધિક પોલીસ મહાનિર્દેશક (ADGP) જમ્મુ, આનંદ જૈને અમરનાથ યાત્રા-2024 ની તૈયારીઓની સમીક્ષા કરવા માટે એક ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી હતી. આ બેઠકમાં પોલીસ અને સુરક્ષા દળોના વરિષ્ઠ અધિકારીઓ તેમજ તમામ જિલ્લાના વરિષ્ઠ પોલીસ અધિક્ષક અને રેન્જના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલોએ ભાગ લીધો હતો.બેઠકમાં, ADGP આનંદ જૈને યાત્રાળુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ હિતધારકો વચ્ચે સંકલિત પ્રયાસોના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કોઈપણ સંભવિત જોખમો અને પડકારોનો સામનો કરવા માટે સાવચેતીપૂર્વક આયોજન અને સુરક્ષા પગલાંના અમલીકરણની જરૂરિયાત વિશે વાત કરી હતી.યાત્રી નિવાસ ભગવતી નગર જમ્મુ ખાતેના બેઝ કેમ્પ અને અન્ય આવાસ કેન્દ્રોમાં રોકાણ દરમિયાન યાત્રાળુઓને પૂરી પાડવામાં આવતી સુરક્ષા અંગે ચર્ચા કરવામાં આવી હતી.ADG એ અમરનાથ યાત્રાના બહેતર આચરણને સુનિશ્ચિત કરવા માટે તમામ એજન્સીઓ વચ્ચે બહેતર અને ગાઢ સંકલન માટે સંયુક્ત કંટ્રોલ રૂમ બનાવવાની વ્યવસ્થાની સમીક્ષા કરી. આ ચર્ચામાં સુરક્ષા વ્યવસ્થા, ઈન્ટેલિજન્સ શેરિંગ, ટ્રાફિક મેનેજમેન્ટ, મેડિકલ અને ઈમરજન્સી સેવાઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને લોજિસ્ટિક્સ સહિતના અનેક મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી.યાત્રા દરમિયાન ટ્રાફિક નિયમન, પાર્કિંગ સુવિધાઓ અને કટોકટી પ્રતિસાદના પગલાં, પર્યાપ્ત તબીબી સુવિધાઓ, કટોકટી સેવાઓ અને આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓ સહિત મોટી સંખ્યામાં યાત્રાળુઓનું સંચાલન કરવા માટેની વ્યૂહરચનાઓની પણ સમીક્ષા કરવામાં આવી હતી.ADGP આનંદ જૈને યાત્રા દરમિયાન ઉચ્ચ સ્તરની તકેદારી અને સજ્જતા જાળવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે તમામ યોજનાઓ અસરકારક રીતે અમલમાં આવી રહી છે તેની ખાતરી કરવા માટે નિયમિત સમીક્ષા અને કવાયત હાથ ધરવા અધિકારીઓને નિર્દેશ આપ્યો.

# પ્રખ્યાત તમિલ અભિનેતા પ્રદીપ કે. વિજયનનું નિધન થયું

મુંબઈ, તા.૧૫

ફિલ્મ ઈન્ડસ્ટ્રીનાં પ્રખ્યાત તમિલ અભિનેતા પ્રદીપ કે. વિજયનનું નિધન થયું છે. માહિતી મુજબ, પ્રદીપ કે વિજયન ચેન્નાઈમાં તેમના ઘરે મૃત હાલતમાં મળી આવ્યા હતા. અભિનેતાના આકસ્મિક નિધનથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. પ્રદીપ કે વિજયનના નિધનથી દરેક લોકો દુખી છે અને તેમને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે.

અભિનેતા પ્રદીપ કે વિજયનને શ્વાસ લેવામાં તકલીફ અને ચક્કર આવતા હતા. જોકે તેમનું મૃત્યુ કેવી રીતે થયું તે અંગે


દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોનઃ ૨૬૫૨૬૧૨

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ચૈત્રી નોરતા.. ચૈત્રી નોરતા માટે ખાસ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે. તેમજ ભેંસનું શુધ્ધ ઘી-લેબોરેટરી ટેસ્ટ તથા ગાયનું શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

મોબાઈલ... મોબાઈલ..
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
શ્રી જલારામ
ટેલીકોમ
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

પવિત્ર રમજાન માસ નિમિત્તે ગરમા ગરમ બ્રેડ, પાઉ તથા નાન રોટી
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

પ્લોટ તથા ત્રિપ્લેક્ષ વેંચવાના છે
પ્લોટ-ટીંબાવાડી-વૃજવાટીકા જોશીપરા-ગોમતીનંદન ત્રિપ્લેક્ષ-આલ્ફા સ્કુલ પાસે પ્લોટ તેમજ ત્રિપ્લેક્ષ વેંચવાના છે
:: કોન્ટેક ::
મો. ૯૮૭૯૫ ૨૫૧૬૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

### બે ટીપા દરેક વાર, બાળકોની લઈએ દરકાર

# જૂનાગઢ જીલ્લામાંતા.૨૩મી જૂને પલ્સ પોલીયો રસીકરણ અભિયાન : અંદાજે ૧.૦૪ લાખ બાળકોને 'દો બૂંદ' પીવડાવાશે

**છુટા છવાયાવાડી, નેસ વિસ્તારોમાં રહેતા કુટુંબોના બાળકોને ૨૨ મોબાઈલ બુથ પોલીયોના ટીપા પીવડાવાશે : રેલવે સ્ટેશનો, એસ.ટી. સ્ટેન્ડ, બજારો જેવા જાહેર સ્થળોએ ૩૯ ટ્રાન્ઝીટ બુથો ગોઠવીને બાળકોને પોલિયોની રસી અપાશે : બાળક સામાન્ય બિમાર હોય તો પણ બાળકનેપોલીયોની રસી અચૂકપીવડાવવી**



જૂનાગઢ, તા.૧૫

જૂનાગઢ જિલ્લાના તમામ ગામો અને શહેરોમાં પલ્સ પોલીયો રસીકરણ અભિયાન અંતર્ગત ૦ થી ૫ વર્ષના અંદાજે ૧,૦૪,૦૧૬ બાળકોને તા.૨૩-૬-૨૦૨૪ ને રવિવારના રાઉન્ડ દરમ્યાન દરેક ગામે પોલિયોના કુલ ૭૫૮ બુથો પર પોલિયોની રસી પીવડાવવામાં આવશે. ઉપરાંત છુટા છવાયાવાડી, નેસ વગેરે વિસ્તારોમાં રહેતા કુટુંબોના બાળકોને ૨૨ મોબાઈલ બુથ દ્વારા અને રેલવે સ્ટેશનો, એસ.ટી. સ્ટેન્ડ, મોટા મંદિરો, મેળા બજારો જેવા જાહેર સ્થળોએ ૩૯ ટ્રાન્ઝીટ બુથો ગોઠવીને બાળકોને પોલિયોના રોગ સામે રક્ષણ આપવા માટે પોલિયોની રસી પીવડાવવાનું કલેક્ટર અનિલ રાણાવસિયાઅને જિલ્લા વિકાસ અધિકારી નિતિન સાંગવાનના સીધા માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા વિકાસ અધિકારી નિતિન સાંગવાનના અધ્યક્ષ સ્થાને પલ્સ પોલિયો રસીકરણ સ્ટીઅરીંગ કમિટીની મિટિંગ યોજવામાં આવી હતી. જેમાં વિવિધ વિભાગો તેમજ આરોગ્ય વિભાગના જિલ્લા કક્ષાના તથા તાલુકા કક્ષાના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા. િ

જલ્લા વિકાસ અધિકારીશ્રીએ ૧૦૦ ટકા રસીકરણ થાય તે માટે જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ૫૬૪-આરોગ્ય કર્મચારી, ૬૩૮-આંગણવાડી કાર્યકર-હેલ્પર બહેનો, ૧૦૦૮-આશા કાર્યકર બહેનો તથા ૧૭૨-અન્ય સ્વયંસેવકો મળી કુલ-૨૩૮૨ કર્મચારીઓની ટીમો બનાવી પોલિયો રસીકરણ અભિયાનની કામગીરી કરવામાં આવશે. આ કામગીરીનું સુપરવિઝન ૧૧૭-ઝોનલ સુપરવાઈઝરશ્રીઓ કરશે અને તમામ કામગીરીનું લાઈઝનીંગ જિલ્લાના વર્ગ-૧ ના અધિકારીશ્રીઓ દ્વારા કરવામાં આવશે. આ પોલિયો રસીકરણ અભિયાનનાં રાઉન્ડમાં આપના નજીકના પોલિયોના બુથ ઉપર લોકો પોતાના વહાલસોયા બાળકને લઈ જઈ પોલિયોની રસી અચુક પીવડાવી બાળકને પોલિયોના રોગ સામે રક્ષણ અપાવવા તમામ બાળકના માતા-પિતા, વાલીને અનુરોધ કરવામાં આવે છે. બાળકને અગાઉ ગમે તેટલી વખત પોલિયોની રસી પીવડાવેલ હોય તો પણ અને બાળક સામાન્ય બિમાર હોય તો પણ બાળકનેપોલીયો રવિવારે ફરીથી પોલિયોની રસી અચુક પીવડાવવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ ભગીરથ કાર્યમાં ગામ આગેવાનઓ, પદાધિકારીઓ, સ્વૈચ્છીક સંસ્થાઓએ યોગ્ય સહકાર આપવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.એમ.આર. સુતરીયાએ અનુરોધ કર્યો છે.

# જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે પ્રી-મેચ્યોર જન્મેલા બાળકોના આંખોના પડદાના ચેકઅપની શરૂઆત






જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે **Reinopathy of prematurity**ના ચેકઅપ ની શરૂઆત કરવામાં આવી છે. જીએમઆરએસ જનરલ હોસ્પિટલ જૂનાગઢ ખાતે પીડીયાટ્રીક્સ વિભાગમાં પ્રી મેચ્યોર એટલે કે, નવ માસ કરતા પહેલા જન્મેલ બાળકોમાં આંખના પડદાની કંઈ ખામી છે કે નહીં તે જાણવા માટેની ચેકઅપની શરૂઆત કરવામાં આવી છે. જૂનાગઢ સિવિલ હોસ્પિટલ તથા સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર સુરત દ્વારા કરવામાં આવેલ એમઓયુ અંતર્ગત વિનામૂલ્યે

**Reinopathy of prematurity (ROP)**નું નિદાન દર મંગળવારે પીડીયાટ્રીક્સ વિભાગમાં સિવિલ હોસ્પિટલ જૂનાગઢ ખાતે કરવામાં આવે છે. સિવિલ હોસ્પિટલ ખાતે ચોથા માળે એસ એન સી યુ વિભાગમાં ૪૦૬ રૂમ નંબરમાં આ ચેકઅપ કરવામાં આવે છે. જો આ ચેકઅપ સમયસર કરવામાં આવે તો બાળકની દ્રષ્ટિ બચાવી શકાય છે. અત્યાર સુધીમાં કુલ ૧૦ બાળકોનું ચેકઅપ કરવામાં આવેલ છે. જો યોગ્ય સમય ઉપર **Reinopathy of prematurity** ની ખબર ન પડે તથા યોગ્ય સમય પર સારવાર ન મળે તો બાળકને અંધાપો આવી શકે છે. આ નિદાન પ્રક્રિયામાં મેડિકલ સુપ્રીટેનમેન્ટ ડોક્ટર કૃતાર્થ બ્રહ્મભટ્ટના નેતૃત્વ હેઠળ પીડીયાટ્રીક્સ વિભાગના ડોક્ટર કિંજલ કણસાગરા તથા એસએનસીયુ વિભાગની ટીમ દ્વારા પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહી છે.

# જૂનાગઢમાં આગામી ૨૧ મી જૂન - ૨૦૨૪ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી અંગેની મનપા દ્વારા બેઠક યોજાઈ

**શહેરમાં વિવિધ જગ્યાએ તા.૧૬/૬/૨૦૨૪થી તાઃ૨૧/૬/૨૦૨૪ સુધી યોગ કાર્યક્રમ**





જૂનાગઢ, તા.૧૫

૨૧મી જુન - ૨૦૨૪ના રોજ મહાનગરપાલિકા, જિલ્લા, તાલુકા, નગરપાલિકા, ગ્રામ્ય વોર્ડ, શાળા, કોલેજ અન્ય સંસ્થાઓ વગેરે કેન્દ્રો ઉપર 'સ્વયં અને સમાજ માટે યોગ' થીમ અંતર્ગત આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી કરવાનું રાજય સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ છે. જે અંતર્ગત મહાનગરપાલિકા કક્ષા કેન્દ્રએ ઉક્ત કાર્યક્રમનું સફળ આયોજન કરવા માટે તા.૧૪/૬/૨૦૨૪ના રોજ પંડિત દીનદયાળ ઉપાધ્યાય સભાખંડ, મહાનગરપાલિકા, જુનાગઢ ખાતે બેઠક રાખવામાં આવેલ હતી જેમાં નાયબ કમિશ્નર એ.એસ. ઝાંપડા, ઈ.ચા.પોલીસ અધિક્ષક બી.સી.ઠક્કર, જીલ્લા રમત વિકાસ અધિકારી ગૌરાંગ નરે, આસી. કમિશ્નર જયેશ.પી.વાજા, શિક્ષણ અધિકારી જલ્પાબેન કયાડા, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ કોઓર્ડિનેટર ચેતનાબેન ગજેરા તથા અધિકારી, કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા તેમજ જૂનાગઢ શહેરમાં આવેલ તમામ શાળાઓ, યુનીવર્સીટીઓ, કોલેજો, જેલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, દરેક વોર્ડમાં તથા પોલીસ હેડ ક્વાર્ટર્સ, ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં યોગ દિવસની ઉજવણી કરવા માટે આહ્વાન કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણીના ભાગ રૂપે આવતીકાલ તા.૧૬/૬/૨૦૨૪ના દિવસે અડી કડી વાવ ખાતે, તા.૧૮/૬/૨૦૨૪ના રોજ જુનાગઢ મહાનગર પાલિકા સંચાલિત સ્નાનાગૃહ વોટર યોગા, તા.૧૯/૬/૨૦૨૪ના રોજ સગર્ભા બહેનો માટે બ્રહ્મકુમારી આશ્રમ ગીરનાર દરવાજા ખાતે, તાઃ૨૦/૬/૨૦૨૪ ગીરનાર પર્વત ઉપર તથા તા.૨૧/૬/૨૦૨૪ના રોજ મુખ્ય મહાનગરપાલિકા જૂનાગઢ, કાર્યક્રમ ઉપરકોટ ખાતે સમય ૫ઃ૩૦ કલાકે યોગ કરવામાં આવશે તેમ મળેલ બેઠકમાં આયોજન કરવામાં આવેલ છે.જેમાં સૌ શહેરી જનોને બહોળી સંખ્યામાં જોડાવા મહાનગર પાલિકા,જૂનાગઢ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવે છે.

# જૂનાગઢ મનપા દ્વારા શહેરના ૧થી ૧૫ વોર્ડમાં આવેલ સરકારી કચેરીઓની સફાઈ કરાઈ






જૂનાગઢ, તા.૧૫

જૂનાગઢ મહાનગર પાલિકાના કમિશ્નર ઓમ પ્રકાશ અને નાયબ કમિશ્નર ઝાપડાના માર્ગદર્શન અને સેનીટેશન સુપ્રિટેન્ડેન્ટ કલ્પેશભાઈ ટોલિયાની સૂચના અનુસાર જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા તા.૧/૬/૨૦૨૪થી તા.૧૫/૬/૨૦૨૪ સુધી "નિર્મળ ગુજરાત ૨.૦'' અંતર્ગત જૂનાગઢ શહેરમાં સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવેલ હોય તે મુજબ ગત તા.૧૪/૬/૨૦૨૪ના રોજ શહેરના ૧ થી ૧૫ વોર્ડમાં આવેલ સરકારી કચેરીઓની સફાઈ કામગીરી કરવામાં આવી હતી. આ અભિયાનમાં બહાઉદ્દીન કોલેજના ૧૦ શિક્ષકો તેમજ ૫૦ જેટલા વિદ્યાર્થીઓ, સેનેટરી ઈન્સપેકટર અને સુપર વાઈઝર તેમજ ૭૫ જેટલા સફાઈ કામદારની મદદથી સફાઈ કરવામાં આવી હતી.

# જૂનાગઢ મનપા દ્વારા બી.યુ. સર્ટીફીકેટ, ફાયર એનઓસી તથા સ્ટ્રકચર સ્ટેબીલીટી સર્ટીફીકેટ બાબતે મીટીંગનું આયોજન

જૂનાગઢ, તા.૧૫

જૂનાગઢ મનપા દ્વારા બી.યુ. સર્ટીફીકેટ, ફાયર એનઓસી તથા સ્ટ્રકચર સ્ટેબીલીટી સર્ટીફીકેટ બાબતે મીટીંગનું આયોજન કરવામાં આવેલ છે. જૂનાગઢ શહેરના હોસ્પીટલ, સ્કુલ, કોલેજ, ટયુશન કલાસ, કોમર્શીયલ કોમ્પ્લેક્ષ, હોટલ રેસ્ટોરન્ટ, શોપીંગ મોલ, પાર્ટી પ્લોટ ધારકોને જાણ કરવામાં આવે છે કે, હાલમાં જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા બી.યુ.સર્ટીફીકેટ, ફાયર એન.ઓ.સી. તથા સ્ટ્રકચર સ્ટેબીલીટી સર્ટીફીકેટ ન હોવાના કારણે સીલ કરવામાં આવેલ છે તેમજ નોટીસો પાઠવવામાં આવેલ છે તેમજ હાલ નોટીસો આપવાની કાર્યવાહી ચાલુ છે. આ સંજોગોમા મિલ્કત ધારકો દ્વારા બી.યુ.સર્ટીફીકેટ, ફાયર એન.ઓ.સી. તથા સ્ટ્રકચર સ્ટેબીલીટી સર્ટીફીકેટ બાબતે કરવાની થતી કાર્યવાહી અંગે સમજુત કરવા માટે આગામી તા.૧૮/૬/૨૦૨૪ ના રોજ સાંજના ૪:૦૦ કલાકે જૂનાગઢ મહાનગરપાલિકા કચેરી, ત્રીજા માળે મીટીંગ હોલમાં મીટીંગનું આયોજન કરવામાં આવેલ હોય આ મીટીંગમાં ઉકતઃ વિગતેના તમામ મિલ્કત ધારકોએ હાજર રહેવા એક યાદીમાં જણાવેલ છે.

# રાજકોટ જીવનનગર મહાદેવધામમાં જલાભિષેકનો પ્રારંભ

**જીવનનગર સમિતિના કાર્યો સમાજ માટે પ્રેરણાસ્તોત્ર : દંડક મનિષભાઈ રાડીયા**



રાજકોટ, તા.૧૫

જીવનનગર વિકાસ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ અને મહિલા મંડળના સંયુકત ઉપક્રમે દાતાઓની મદદથી મહાદેવધામમાં પાણીની સમસ્યા હલ કરવા બોરવેલ કરાવતા ૨૦ ફુટે અમાપ પાણીનો પ્રવાહ આવતા જલાભિષેક સાથે પાણીના પરબનો પ્રારંભ થયો હતો. રાજયમાં સમિતિની પ્રવૃત્તિઓ પ્રાણીમાત્રનું કલ્યાણ તરફ દોરી જાય છે. રહીશોની એકતાના કારણે છેલ્લા ૪૨ વર્ષ અવિરત સકારાત્મક કાર્યો ચાલે છે.

રાજકોટ મહાનગર-પાલિકાના દંડક મનિષભાઈ રાડીયાએ બોરવેલનો પ્રારંભ કરાવી મંગલ કાર્યોનું ઉદ્દઘાટન કર્યું હતું. વર્ષોથી આ વિસ્તારમાં સમિતિ અનેકવિધ પ્રવૃત્તિઓ કરે છે તેનો સાક્ષી છું. સકારાત્મક અભિગમે લોકહૃદયમાં સ્થાન લીધું છે. જયંત પંડયાના નેતૃત્વના કારણે રહીશોને લાભ મળે છે. દાતાઓને અભિનંદન પાઠવ્યા હતા. મહાદેવધામના સહવ્યવસ્થાપક સુનિતાબેન વ્યાસ અને વિજયભાઈ જોબનપુત્રાની રાહબરી નીચે ભગવાન શિવ માટે જલાભિષેક સાથે પાણીનું પરબ લોકોપયોગી સાબિત થશે. મંદિરની સ્થાપનાથી આજ દિન સુધી દાતાઓએ પીછેહઠ કરી નથી તેનું ગૌરવ છે. માનવ ધર્મને સમિતિ અનુસરે છે. મંદિરમાં સવારના પાંચથી શ્રદ્ધાળુઓ આવે છે.

# APSEZનું ESG ક્ષેત્રે મજબૂત નેતૃત્વ ક્લાઈમેટ ચેન્જની પહેલ માટે માન્યતા હાંસલ કરી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૫

અદાણી પોર્ટ અને સ્પેશ્યલ ઈકોનોમિમક ઝોનને કલાયમેટ ચેન્જનો સામનો કરવા અને તેની સપ્લાય ચેઈનમાં એક મજબૂત જોડાણ કાર્યક્રમ દ્વારા શ્રેષ્ઠ પ્રયાસોના અમલીકરણ કરવા સંબંધી અસાધારણ પ્રયાસો માટે **CDP** દ્વારા માન્યતા આપવામાં આવી છે. ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ-ફિક્કી નવી દિલ્હી દ્વારા સંયુકત રીતે આયોજીત આ એવોર્ડ 'ક્લાઈમેટ એક્શન ઈન ઈન્ડિયાઃ રોલ ઓફ બિઝનેસીસ'માં એનાયત કરવામાં આવ્યો હતો. **CDP**એ અદાણી પોર્ટ્સ અને સેઝને ક્લાયમેટ ચેન્જ અને સપ્લાયર જોડાણ બંનેમાં નેતૃત્વ માટે બેન્ડ 'છ-' આપ્યું છે. કંપનીએ ઉત્સર્જનમાં ઘટાડો, ક્લાયમેટ ગવર્નન્સ, સપ્લાયરની સંલગ્નતા, સ્કોપ ૩ ઉત્સર્જન અને જોખમ વ્યવસ્થાપન પ્રક્રિયાઓમાં તેની પહેલ માટે "છ" નું સર્વોચ્ચ રેટિંગ હાંસલ કર્યું છે. માત્ર જૂજ કંપનીઓ જ દર વર્ષે ક્લાઈમેટ ચેન્જ અને સપ્લાય ચેઈન જોડાણ બંનેમાં લીડરશીપ બેન્ડમાં સ્થાન મેળવે છે.સસ્ટેઈનેલિટિક્સએ તેના તાજેતરના મૂલ્યાંકનમાં **APSEZ**ના **ESG** પ્રદર્શનને પણ અપગ્રેડ કર્યું છે. ૧૧.૩ ના સ્કોર સાથે અદાણી પોર્ટસ અને સેઝ હવે નગણ્ય **ESG** જોખમો (૦-૧૦નો સ્કોર બેન્ડ) ધરાવતી કંપની તરીકે વર્ગીકૃત થવાથી ઘણી દૂર છે. વૈશ્વિક સ્તરે **Sustainalytics** દ્વારા રેટ કરાયેલી ૧૬૨૧૫ કંપનીઓમાંથી, છઁજીઈઢ પાસે ૯૫ પર્સેન્ટાઈલ સ્કોર છે. વધુમાં **APSEZ** એ પોર્ટ સેક્ટરમાં નીચા કાર્બન ટ્રાન્ઝિશન રેટિંગમાં ટોચની ક્રમાંકિત કંપની તરીકે તેની સ્થિતિ જાળવી રાખવામાં કામિયાબ રહી છે, જે છેલ્લા કેટલાક વર્ષોમાં મજબૂત સુધારો દર્શાવે છે. આ સિદ્ધિઓ પરત્વે પ્રતિભાવ આપતા **APSEZ**ના મુખ્ય કારોબારી અધિકારી શ્રી અશ્વિની ગુપ્તાએ જણાવ્યું હતું કે **APSEZ** ખાતે કાર્બન ઉત્સર્જન ઘટાડવાના સંકલિત પ્રયાસો સાથે, ટકાઉપણા માટે અમે અમારી પ્રતિબદ્ધતામાં મક્કમ છીએ. અમારા **ESG** પ્રદર્શનમાં સતત સુધારણા અને બહુવિધ **ESG** રેટિંગ એજન્સીઓ દ્વારા સોંપાયેલ 'ક્લાઈમેટ લીડરશિપ પોઝિશન'થી અમોને આનંદ છે. હવે રિન્યુએબલ કેપેસિટી ડિપ્લોયમેન્ટ અને ટ્રાન્સપોર્ટેશન હરીત કરીને ૨૦૪૦ સુધીમાં નેટ ઝીરો હાંસલ કરવા માટેની પ્રતિબદ્ધતા ઉપર અમે કામ કરી રહ્યા છીએ. **S&P** ગ્લોબલ કોર્પોરેટ સસ્ટેનેબિલિટી એસેસમેન્ટ **(CSA)** ૨૦૨૩માં **APSEZ** વૈશ્વિક સ્તરે ૯૬ પર્સન્ટાઈલ સાથે ટોચની ૧૫ કંપનીઓમાં રેંકીગ મેળવ્યું છે અને ગ્લોબલ ટ્રાન્સપોર્ટેશન ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રના ૩૩૪ ખેલાડીઓમાંથી આ યાદીમાં એકમાત્ર પોર્ટ ઓપરેટર હોવાનું માનવામાં આવે છે. **APSEZ**એ આકારણીના પર્યાવરણીય પરિમાણમાં સર્વોચ્ચ સ્કોર મેળવ્યો છે જેમાં આબોહવા સૂચકાંકો અને વ્યૂહરચના માટે ૫૬% ભારાંક છે. વધુમાં **APSEZ** ને મૂડીઝ તરફથી છેલ્લા એનર્જી ટ્રાન્ઝિશન રેટિંગમાં 'એડવાન્સ્ડ' રેટિંગ મળ્યું હતું, જે તેની નેતૃત્વની સ્થિતિને દર્શાવે છે. મૂડીઝે ૨૦૨૨માં પર્યાવરણીય, સામાજિક અને ગવર્નન્સના ધોરણે **APSEZ**નું મૂલ્યાંકન પણ કર્યું હતું, જેમાં કંપનીએ ટ્રાન્સપોર્ટ અને લોજીસ્ટિક્સ સેક્ટરમાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો અને વૈશ્વિક ઊભરતાં બજારોમાં તમામ ક્ષેત્રો, ઉદ્યોગોમાં નવમું. ભારતમાં, **APSEZ** તમામ ક્ષેત્રોમાં **ESG** પ્રદર્શન ઉપર પ્રથમ ક્રમે હતું.

# ખંભાળિયામાં કલેકટર કચેરી ખાતે 'વિશ્વ રક્તદાતા દિવસ' નિમિત્તે શપથ ગ્રહણ કરાયા

(પ્રતિનિધિ દ્વારા)



જામ ખંભાળિયા, તા. ૧૫

ખંભાળિયામાં તારીખ ૧૪ જૂનના રોજ ''વિશ્વ રક્તદાતા દિવસ' નિમિત્તે અહીંની જિલ્લા કલેકટર કચેરી ખાતે નિવાસી અધિક કલેકટર ભૂપેશ જોટાણીયા તેમજ કર્મયોગીઓએ રકતદાન કરવા માટેના શપથ ગ્રહણ કર્યા હતા. દર વર્ષે ૧૪ જૂનના રોજ વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણી કરવામાં છે. આ દિવસ નાગરિકોમાં રક્તદાન વિશે જાગૃતતા લાવવા માટે સમર્પિત છે.

આ સાથે વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણી નિમિત્તે ખંભાળિયાની સરકારી હોસ્પિટલ ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, સુપ્રિટેન્ડેન્ટ, આર.એમ.ઓ. વિગેરેની ઉપસ્થિતિમાં વિશ્વ રક્તદાતા દિવસ નિમિતે પરિવાર, મિત્રો, સગા, સંબંધીઓ, સહયોગીઓ અને જનતાને નિયમિત સ્વૈચ્છિક રક્તદાનની આવશ્યકતા વિશે લોકોમાં જાગૃકતા ફેલાવવા, કોઈ પણ લોભ, લાલચ વગર, જાતિ અને ધર્મના ભેદભાવથી મુક્ત થઈને રક્તદાન કરવા અંગેના શપથ ગ્રહણ કરવામાં આવ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# ભાજપ સરકારની ત્રીજી ટર્મની શરૂઆત

વડાપ્રધાન અને તેમના સહયોગીઓ રૂપે કેન્દ્રીય મંત્રીઓના શપથ ગ્રહણ બાદ જે પ્રકારે કોઈ વિલંબ વગર તેમના વિભાગોની વહેંચણી થઈ ગઈ અને એ ક્રમમાં કેટલાય પ્રમુખ મંત્રીઓને તેમના જૂના જ વિભાગ મળ્યા છે, તેનાથી એક બાબત સ્પષ્ટ થાય છે કે ભલે નવી સરકાર ગઠબંધનની હોય, પરંતુ તેમાં વડાપ્રધાન મોદીની પૂરતી છાપ છે. વિભાગોની વહેંચણીથી એ પણ સાફ થયું કે એ ચર્ચાઓમાં કોઈ તત્ત્વ ન હતું કે ભાજપના સહયોગી પક્ષોના દબાણનો સામનો કરવો પડશે. તેનો અર્થ છે કે ગઠબંધન સરકાર હોવા છતાં પણ મોદીના નેતૃત્વવાળી નવી સરકાર ભૂતકાળની એ ખીચડી સરકારો કરતાં અલગ હશે, જેમને સોદાબાજીની રાજનીતિનો ન માત્ર સામનો કરવો પડતો હતો, બલ્કે પોતાના એજન્ડાને લાગુ કરવા મામલે પણ કેટલીય સમજૂતીઓ કરવી પડી હતી. કોંગ્રેસના વડાપ્રધાન મનમોહન સિંહે તો જાહેરમાં ગઠબંધન ધર્મ આગળ લાચાર હોવાનું સ્વીકાર્યું પણ હતું! દબાણ અને સોદાબાજીની રાજનીતિ ગઠબંધન સરકારોનું એક નકારાત્મક પાસું છે. એનાથી બહેતર બીજું શું હોય કે મોદી સરકાર ગઠબંધનના રાજકારણના આ નકારાત્મક પાસાથી મુક્ત રહે. શાસનની બહેતર પદ્ઘતિથી સંચાલન અને દેશની અપેક્ષાઓને પૂરી કરવાની દૃષ્ટિએ એ યોગ્ય છે કે ગઠબંધન સરકાર સહયોગી પક્ષોના અનુચિત દબાણથી મુક્ત રહે. આ માત્ર ગઠબંધન સરકારનું નેતૃત્વ કરનારા પક્ષના જ હિતમાં નથી હોતું, પરંતુ સહયોગી દળોના હિતમાં પણ હોય છે, કારણ કે તેઓ રાષ્ટ્ર નિર્માણમાં સહભાગી રૂપે જોવામાં આવે છે અને પ્રાદેશિક પક્ષ હોવા છતાં પણ દેશભરમાં તેમની વિશ્વસનીયતા વધે છે.

મોટાભાગના પ્રમુખ કેન્દ્રીય મંત્રીઓને તેમનાં જૂનાં મંત્રાલયો મળવાનો મતલબ છે કે વડાપ્રધાન મોદી સો દિવસના પોતાના એ એજન્ડાને ક્યાંય વધુ આસાનીથી પૂરો કરી શકવામાં સમર્થ હશે, જેના પર તેમણે ચૂંટણી પરિણામો આવતાં પહેલાં જ વિચાર-વિમર્શ શરૂ કરી દીધો હતો અને કહ્યું હતું કે તેમની સરકાર ત્રીજા કાર્યકાળમાં પહેલાંની જેમ જ કામ કરતી રહેશે. એ સારું છે કે કેન્દ્રીય મંત્રીઓએ પોતાનો કાર્યભાર સંભાળતાં જ પોતાની પ્રાથમિકતાઓને રેખાંકિત કરવાનું પ્રારંભ કરી દીધું છે. તેઓ એનાથી સારી રીતે વાકેફ છે કે દેશની જનતાને તેમની પાસે શી અપેક્ષાઓ છે, તેથી એ જ આશા રાખવામાં આવે છે કે નવી સરકાર લોકોની આશા પૂરી કરવામાં આસાનીથી સક્ષમ રહેશે. એવું થવું પણ જોઈએ, પરંતુ એ ત્યારે વધુ સુગમતાથી સંભવ થઈ શકશે, જ્યારે જનઆકાંક્ષાઓથી પરિચિત હોવાની સાથે જ એ પણ જોવામાં આવે કે તમામ સરકારી નીતિઓ અને યોજનાઓ જમીન પર પ્રભાવી રીતે લાગુ થઈ રહી છે કે નહીં? એ કહેવું સાચું નથી કે વિભિન્ન મંત્રાલયોના તમામ એજન્ડા યોગ્ય રીતે પૂરા થઈ રહ્યા છે. વાસ્તવમાં નવી સરકારના કામકાજમાં નિરંતરતાની સાથે જ એપ ણ જરૂરી છે કે તેની ગતિ અને ગુણવત્તા વધે અને જો ક્યાંય જરૂરી હોય તો તેમાં કોઈ વિલંબ વિના સંશોધન-પરિવર્તન પણ કરવામાં આવે.

### વધુ એક છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો

# જેતપુરના વેપારીએ આંધ્રપ્રદેશ મોકલાવેલા ૧૦.૫૦ લાખના ધાણા પહોંચ્યા જ નહીં

## વેપારીએ ટ્રક ચાલક, ક્લીનર તેમજ માલિક વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરીયાદ નોંધાવી

રાજકોટ,તા.૧૫

જેતપુર શહેરના એક વેપારીએ આંધ્રપ્રદેશના વેપારીઓના ઓર્ડર મુજબ ધાણાનો જથ્થો ટ્રક મારફતે મોકલ્યો હતો, પરંતુ તે ટ્રક આંધ્રપ્રદેશ ન પહોંચતા વેપારીએ ટ્રક ચાલક, ક્લીનર તેમજ માલિક વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરીયાદ નોંધાવી હતી. શહેરના માર્કેટીંગ યાર્ડ પાસે સીધેશ્વર એગ્રી એક્ષપોર્ટના નામથી જથ્થાબંધ અનાજ કારીયાણાનો વેપાર કરતા જીતુભાઇ હેમનાણીને આંધ્રપ્રદેશની જુદીજુદી પેઢી દ્વારા ધાણાનો ઓર્ડર મળ્યો હતો. પેઢીઓના ઓર્ડર મુજબ જીતુભાઈએ ધાણાનો ૫૦૦ ગુણીનો જથ્થો ટ્રક મારફત આંધ્રપ્રદેશના વિશાખાપટનમ ખાતે મોકલ્યો હતો અને આ ટ્રક આંધ્રપ્રદેશ પહોંચાડવાની જવાબદારી ગોંડલના નવાબ રોડવેઝ ટ્રાન્સપોર્ટની હતી. તેઓને માલના ભાડા પેટેના ૬૩ હજાર રૂપિયા ગૂગલ પેથી ચૂકવેલ હતા, પરંતુ ચાર દિવસ થયાં છતાં માલ વિશાખાપટનમ ન પહોચતા જીતુભાઇ દ્વારા ગોંડલ ખાતે ટ્રાન્સપોર્ટના યાશીનભાઈ પૂછતાં તેમણે જણાવેલ કે, ડ્રાઈવરનો ફોન બંધ આવે છે ટ્રક માલીક અશોકભાઈ સાથે ફોનમાં વાત કરાવું, ત્યારબાદ ટ્રક માલિકનો પણ ફોન બંધ થઈ ગયો. જીતુભાઈને સમજાય ગયું કે તેમની સાથે છેતરપીંડી થઈ છે. જેથી જીતુભાઈએ, ટ્રક ડ્રાઈવર ક્લીનર ધીરુંભાઈ તેમજ ટ્રક માલિક અશોકભાઈ અને અમરપુરી ,વિરુદ્ધ ૫૦૦ ગુણી ધાણા કિંમત રૂપિયા ૧૦.૫૦ લાખનો માલ ઓળવી જવાની વિશ્વાસઘાત અને છેતરપીંડીની સીટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં સિટી પોલીસે એક આરોપી ધરપકડ કરી હતી. જેતપુરથી ટ્રક મારફતે ધાણા ભરીને આંધ્રપ્રદેશ ના વિશાખપટનમ જવા નીકળ્યા હતા પરંતુ,ટ્રક ડ્રાઈવર,ક્લીનર અને ટ્રક મલિક દ્વારા રસ્તામાં ટ્રકમાંથી ધાણાની ૫૦૦ બેગ ઉતારી લેવામાં હતી, જેમાંથી ઝડપાયેલ આરોપી અમરપુરીને તેના ભાગમાં આવતા ૫૦ બેગ ધાણા અને ૧૦ હજાર રોકડ રકમ આપવામાં હતી. જ્યારે ૪૫૦ ધાણાની બેગ લઈને ડ્રાઈવર અને ટ્રક માલિક બંને આરોપીઓ જતા રહ્યા હતા.

સાથે જ ત્રણે આરોપી દ્વારા ટ્રકમાં અમુક ધાણાની બોરીઓ સાથે ટ્રક સળગાવી નાંખવાનો પ્લાન હતો. જેથી કરીને તેવાનો ભાંડો ન ફૂટે પરંતુ જેતપુર સિટી પોલીસની અલગ અલગ ટીમો તપાસ કરી હતી ત્યારે એક માહિતી મળી કે ટ્રક મહારાષ્ટ્રની બોર્ડર પાસે છે ત્યારે ત્યાં તપાસ કરતા ટ્રક અને ધાણાની ૫૦ બેગના મુદ્દામાલ સાથે અમરપુરી ગૌસ્વામીની ધરપકડ કરીને ૫ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા.

પોલીસ પૂછપરછમાં પોપટ બની ગયો હતો. સાથે જ ટ્રક માલિક અશોક અને તેનો મિત્ર પ્રભાત સિંહ ઉર્ફે કાનભા કઠિયા અને ડ્રાઈવર ક્લીનર ધીરુભાઈ જેવો ૪૫૦ બેગ ધાણા લઈને ફરાર થઈ ચુક્યા છે ત્યારે ફરાર આરોપીને શોધવા માટે પોલીસે ચક્રોગતિમાન કર્યા છે. હાલ તો પોલીસે ટ્રક અને ધાણાની ૫૦ બેગ મળી કુલ.૧૬ લાખ ૧૨ હજાર ૬૧૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

### ભાજપના ધારાસભ્યોએ વહીવટીતંત્રની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા

# લાઠીના ધારાસભ્ય અને પોલીસ આમને સામને, બંનેના વિપરીત દાવા

## ધારાસભ્ય જનક પૂંડિયાએ પોતે મેદાનમાં આવીને દામનગર પોલીસ સ્ટેશનથી માત્ર ૨૦૦ મીટર દૂર પરિસરમાં ચાલતા જુગારધામ પર દરોડો પાડ્યો હતો

અમરેલી,તા.૧૫

ગુજરાતના ભાજપના ધારાસભ્યોએ વહીવટીતંત્રની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા છે. અમરેલીના લાઠી-બાબરાના ભાજપના ધારાસભ્ય જનક પૂંડિયાએ પોલીસની કામગીરી પર સવાલો ઉઠાવ્યા છે. અનેક વખત ફરિયાદ કરવા છતાં પણ પોલીસે કોઈ કાર્યવાહી ન કરતાં આખરે ધારાસભ્ય જનક પૂંડિયાએ પોતે મેદાનમાં આવીને દામનગર પોલીસ સ્ટેશનથી માત્ર ૨૦૦ મીટર દૂર પરિસરમાં ચાલતા જુગારધામ પર દરોડો પાડ્યો હતો.

તેમણે ઓનલાઇન જુગારધામ પર જનતા રેડ કરી હતી. ગતરાત્રે દામનગર શોપિંગ સેન્ટરમાં રેડ કરી હતી. લોકો સાથે જુગારધામ પર જનતા રેડ કરી હતી. સમગ્ર મામલે પોલીસે એવું નિવેદન કર્યું છે કે દામનગરમાં જનતા રેડનો અર્થ જુગારધામ પર દરોડો નથી, આવું પાછા ડીવાયએસપીએ પોતે જણાવ્યું છે. આ જુગારધામ યંત્રથી ચાલતુ હોવાનો દાવો કરાયો છે. વાસ્તવમાં જુગારધાન હોવાનું કહેવાય છે તે ઓનલાઇન માર્કેટિંગ છે. ઓનલાઇન વાસ્તુ પૂજાની યંત્રની ફ્રેન્ચાઇઝી છે. અમરેલી પોલીસે આ સંદર્ભમાં હાઇકોર્ટના ચુકાદાને પણ ટાંક્યો હતો.

ઉલ્લેખનીય છે કે અગાઉ મણિનગરના ભાજપના ધારાસભ્ય અમૂલ ભટ્ટે મહિલાઓની સુરક્ષાના મુદ્દે સવાલો ઉઠાવ્યા છે. અમૂલ ભટ્ટે ટ્રાફિક ડીસીપીને પત્ર લખ્યો હતો કે દાણીલીમડા પ્લોટમાં વાહનો રાખવામાં આવે છે. તે જ સમયે, જ્યારે મહિલાઓ તેમના વાહનોમાંથી છૂટકારો મેળવવા જાય છે, ત્યારે તેમની સાથે ગેરવર્તનનો આરોપ છે.

આ અગાઉ ધારાસભ્ય અભેસિંહ તડવીએ નસવાડી ગૃપ ગ્રામ પંચાયતની ઓફિસની ઓચિંતી મુલાકાત લીધી હતી અને વહીવટદારની ફરજમાં બેદરકારી છતી થતાં ધારાસભ્ય રોષે ભરાયા હતા. ગેરરીતિ અંગે વારંવાર ફરિયાદ કર્યા બાદ અભેસિંહ તડવીએ અચાનક ગ્રામ પંચાયતની મુલાકાત લીધી હતી. અભેસિંહ તડવી અને ટીડીઓ અડધો કલાક બેસી રહ્યા, પરંતુ સંચાલક આવ્યા ન હતા. આથી અભેસિંહ તડવીએ ડીડીઓને કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

### ઉનાના પડપાદર ગામની આંગણવાડીના મામલો

# ઉનામાં બાળકોના ભોજનમાં ઈયળ નીકળી

## આ સમાચાર બહાર આવવાના પગલે ઈન્ચાર્જ સીડીપીઓ પડપાદર ગામે પહોચ્યા હતા તેમણે તપાસ પછી આંગણવાડી કેન્દ્રને તાળી મારી દીધા

ઉના,તા.૧૫

ઉનાના પડ પાદર ગામની આંગણવાડીના મામલામાં બાળકોના ભોજનમાં ઈયળ નીકળી હતી. આ સમાચાર બહાર આવવાના પગલે ઈન્ચાર્જ સીડીપીઓ પદાપાદર ગામે પહોચ્યા હતા. તેમણે તપાસ પછી આંગણવાડી કેન્દ્રને તાળી મારી દીધા છે.

આના પગલે આંગણવાડીને ભોજન પૂરુ પાડનારા કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરવામાં આવે તેવી સંભાવના છે.

તપાસ પછી આંગણવાડીના કોન્ટ્રાક્ટરને પહેલા બ્લેકલિસ્ટ કરવામાં આવશે અને પછી તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં રાજયના જુદા-જુદા શહેરોમાં પિત્ઝામાંથી વંદો, લસ્સીમાંથી માખી સહિતના ઢગલાબંધ બનાવો નોંધાયા છે. આના લીધે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે આકરી કાર્યવાહી પણ તેઓની સામે કરવી પડી છે. તેઓ નિયમોનું પાલન ન કરે ત્યાં સુધી આ એકમોને સીલ કરવામાં આવ્યા છે. તેને દંડ પણ કરવામાં આવ્યો છે. સરકાર હવે આ વિભાગમાં કઈ કાર્યવાહી કરશે તે જોવાનું છે.

### કવાંટ તાલુકાના હાફેશ્વર ગામની ઘટના

# નર્મદા નદીમાં નહાવા પડેલા યુવાનને મગર ખેંચી જતાં મોત થયું

## માછલી પકડવાની જાળ નાંખતા તેનો મૃતદેહ મળી આવ્યો હતો

છોટાઉદેપુર,તા.૧૫

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના હાફેશ્વર ગામે નર્મદા નદીમાં નહાવા પડેલા યુવાનને મગર ખેંચી જતા મોત થયું હોવાની ઘટના બની હતી. ત્રણ ભાઈઓ નદીમાં નહાવા પડ્યા હતા તે દરમિયાન એકને મગર ખેંચી ગયો હતો. માછલી પકડવાની જાળ નાંખતા તેનો મૃતદેહ મળી આવ્યો હતો. તુલસીભાઇ તથા તેમના ભાઇ શૈલેષભાઇ નવજીભાઇ ભીલ અને તેમના મોટા કાકાનો છોકરો વિનેશભાઇ વાહરીયાભાઇ ભીલ હાફેશ્વર ગામે આમલાપાણી ફળીયામાં નર્મદા નદીના પાણીમાં નહાવા માટે ગયા હતા. ત્રણેય જણા નર્મદા નદીમાં નાહતા હતા, તે વખતે સાંજના આશરે પાંચેક વાગ્યાના અરસામાં નદીના પાણીમાંથી એક મગર આવી વિનેશભાઇનો પગ અચાનક પકડીને ઉંડા પાણીમા ખેંચી લઇને જતો રહ્યો હતો. જેથી બન્ને જણા બુમા બુમ કરીને નદીના પાણીમાંથી બહાર નીકળી ગયા હતા. ઘરે જઇને તેમના ઘરના માણસો તથા ફળીયાના માણસોને બનાવની હકીકત જણાવેલ હતી. ત્યારબાદ વિનેશભાઇના પિતા વાહરીયાભાઇ ફુલજીભાઇ ભીલ, ફળીયાના કેમજીભાઇ આરસીયાભાઇ ભીલ તથા બીજા માણસો આમલાપાણી ફળીયામાં નર્મદા નદીના કિનારે વિનેશભાઈની શોધખોળ કરવા માટે પહોંચ્યા હતા. મોડી સાંજના આશરે છ એક વાગ્યાની આસપાસ મગર વિનેશને મોઢામાં પકડી લઇને બહાર નિકળ્યો હતો. જેથી તે જોઈને બધા બુમો પાડતાં આ મગર પાછો નદીના ઉંડા પાણીમા જતો રહ્યો હતો. વિનેશભાઇ ઉંડા પાણીમાં ફરીવાર ડુબી ગયા હતા. તે પછી કિનારે એકત્રીત સૌ નદીની આજુબાજુમા કિનારે વિનેશભાઈની તપાસ કરવા બેઠેલા હતા. ફરીવાર આ મગર વિનેશને મોઢામા લઈને બહાર નીકળ્યો હતો. જેથી નદીના કિનારે બધા ઉભેલા માણસો મગરને પથ્થરમારો કરતાં વિનેશભાઇને મોઢામાંથી છોડી દઇ મગર પાણીમાં જતો રહ્યો હતો.

વિનેશનો મૃતદેહ પણ નદીના ઉંડા પાણીમાં જતો રહ્યો હતો. આજે વહેલી સવારમાં ફળિયાના માણસોએ માછલા પકડવાની જાળ નદીમા નાખી હતી, જે જાળ ખેંચીને બહાર કાઢતા તેમા વિનેશભાઈ મરણ ગયેલ હાલતમાં મળી આવ્યા હતા.

### વેપારી અમદાવાદ ભંગાર વેચીને પરત આવતા હતા ત્યારે લૂંટ થઈ

# વસાઈ નજીક થયેલી ૧૦ લાખની લૂંટનો ભેદ LCBએ ગણતરીના કલાકોમાં ઉકેલ્યો

## રૂા.૧૦ લાખની લૂંટની ઘટનામાં એલસીબીએ ત્રણ જણાને રૂા.૧૦ લાખ સાથે ઝડપી લઈ ગણતરીના કલાકોમાં લૂંટનો ભેદ ઉકેલી દીધો હતો

વિસનગર,તા.૧૫

વિજાપુરના વસાઈ નજીક બુધવારે સાંજે થયેલી રૂ.૧૦ લાખની લૂંટની ઘટનામાં એલસીબીએ ત્રણ જણાને રૂ.૧૦ લાખ સાથે ઝડપી લઈ ગણતરીના કલાકોમાં લૂંટનો ભેદ ઉકેલી દીધો હતો.વિસનગરમાં વાસણનો વેપાર કરતા હિરાલાલ રામલાલ બોહરા (શાહ) બુધવારે વિનસગરના જિજ્ઞેશભાઈ બારોટની આઈસર ગાડી (નં.GJ-૦૬-ZZ-૩૧૦૯)માં ભંગાર ભરીને અમદવાદ ગયા હતા. ભંગાર વેચીને મળેલા તેમજ અન્ય વેપારી પાસેથી જૂના લેવાના અને એડવાન્સ મળીને કુલ રૂા.૧૦ લાખ લઈને તેઓ સાંજે ચારેક વાગ્યે પરત વિસનગર આવવા નિકળ્યા હતા. સાંજે સાડા છ વાગ્યે ગોઝારિયાથી ડાભલા ચાર રસ્તા તરફ જતાં વસાઈ નજીક એક બાઈક પર આવેલા બે જણાએ બુમો પાડી ગાડી ઊભી રખાવી હતી. બાઈક પાછળ બેસેલા શખ્સે બાઈકને ટક્કર મારી હોવાનું કહીં જિજ્ઞેશભાઈ તકરાર કરી હતી અને અચાનક આઈસરના કેબિનમાં બેસેલા હિરાલાલ પાસેથી રૂા.૧૦ લાખ ભરેલી થેલી ઝૂંટવી લૂંટ કરીને બાઈક પાછળ બેસી ગોઝારિયા તરફ ભાગી ગયા હતા. જિજ્ઞેશભાઈએ દોડીને પીછો કર્યો પરંતુ હાથમાં આવ્યા નહોતા. આ બાબતે વસાઈ પોલીસ મથકે લૂંટનો ગુનો નોંધાયો હતો.

રેન્જ આઈજી વિરેન્દ્રસિંહ યાવદ અને મહેસાણા એસપી તરૂણ દુગ્ગલની સૂચનાથી એલસીબી પીઆઈ એસ.એસ.નિનામા, PSI એમ. પી.ચૌધરી અને એમ.ડી.ડાભી સહિત સ્ટાફે લૂંટનો ભેદ ઉકેલવા પ્રયાસ હાથ ધર્યા હતા. દરમિયાન કાળા રંગની પ્લાસ્ટિકની થેલીમાં પાંચસો રૂપિયાનાં બંડલો સાથે શંકાસ્પદ ત્રણ જણા બાઈક પર સવાલાથી મહેસાણા તરફ આવતા હોવાની બાતમી એએસઆઈ શૈલેષકુમાર તથા હે.કો. નિલેષકુમારને મળી હતી. જેથી ટીમે દેલા પાટિયા પાસે વોચ ગોઠવી બાઈક પર આવેલા ત્રણેયને પકડી લીધા હતા. તેમની પાસેથી રૂા.૧૦ લાખ મળી આવતાં સઘન પૂછપરછ કરતાં વસાઈ-ગોઝારિયા રોડ પર ચામુંડા માતાના મંદિર નજીક લૂંટને અંજામ આપ્યો હોવાની કબૂલાત કરી હતી. પોલીસે રૂા.૧૦ લાખ, બાઈક, મોબાઈલ અને હેલમેટ મળી કુલ રૂા.૧૦,૭૧,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ત્રણેય વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી.

ઝડપાયેલા આરોપીઓ : ૧. જીજ્ઞેશકુમાર ઉર્ફે ભોલો બાબુભાઈ બારોટ (રહે.શ્રીનાથ સોસાયટી, ITI પાછળ, વિસનગર), ૨. ચંદ્રકાન્ત ઉર્ફે પીન્ટુ નિરંજનદાસ બારોટ (ગાયત્રીનગર સોસા., ITI પાછળ, વિસનગર), ૩. ઠાકોર મુકેશજી રામાજી (વાલમ, પીપલીયોવાસ, તા.વિસનગર)

હિરાલાલ છેલ્લા એક વર્ષથી ભંગાર વેચવા જીજ્ઞેશ ભારોટનું આઈસર લઈ જતા હતા. લાખો રૂપિયા જોઈ જીજ્ઞેશની દાનત બગડતાં તેણે જ બાકીના બે આરોપીઓને સાથે લઈ કાવતરું રચી ટીપ આપીને ત્રણેયે સાથે મળી લૂંટની ઘટનાને અંજામ આપ્યો હતો.

# પાટણ જિલ્લાની શાળાઓનો સમય ૩૦મી જૂન સુધી સવારનો કરાયો

## ગરમીને લઈ સમય સવારે ૭-૦૦થી ૧૨ -૩૦ સુધી શિક્ષણ કાર્ય થશે

પાટણ,તા.૧૫

૩૫ દિવસના ઉનાળુ વેકેશન બાદ ગુરુવારથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે. પ્રથમ દિવસે પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ બાળકોના કલરવથી ગુંજી ઉઠી હતી.

પ્રથમ દિવસે પ્રવેશ મેળવતા બાળકોને કુમકુમ તિલક અને પુષ્પોથી શિક્ષકોએ આવકાર્યા હતા. પ્રથમ દિવસ હોવાના કારણે જિલ્લામાં કેટલીક શાળાઓમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી રહી હતી. જિલ્લાની ૭૯૨ પ્રાથમિક અને ૨૫૦ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધો.૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ઉનાળાની ગરમીને લઈ તા.૩૦ જૂન સુધી શાળાનો સમય સવારે ૭-૦૦થી ૧૨ -૩૦ કલાકનો રહેશે. આગામી ૨૭થી ૨૯ જૂન પ્રાથમિક શાળાઓમાં પ્રવેશોત્સવ યોજવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે.ઉનાળું વેકેશન બાદ ગુરુવારથી શહેર અને જિલ્લાની બાલવાડી સહિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ મધ્યમિક શાળાઓ બાળકોના કિલ્લોલથી જીવંત બની હતી. મોટા બાળકો તો ઠીક પણ પ્રથમવાર નર્સરી અને કેજી (બાલવાડી)માં પ્રવેશ મેળવતા ભૂલકાંઓ રૂદન સાથે વાલીનો પીછો ન છોડતાં કલાકો સુધી સમજાવવા પડ્યા હતાં.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

અસત્ય બોલનાર અસત્ અર્થાત લુપ્ત થઈ જાય છે.

- અથર્વવેદ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.બહમન-૧૩૯૩, મુ. જીલ્હજ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, જેઠ સુદ-૯ શ્રી હરિ જયંતિ તા.૧૫ જૂન ૨૦૨૪, શનિવાર, પારસી તા.૫, મુસ્લિમ તા.૮, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, વ્યતિપાત યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૦૫, સૂ.અ.૭:૩૭

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (૫ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : પ્રણયપ્રસંગમાં સફળતા મળે. સંતાન સાથે સુમેળ રહે, માંગલિક પ્રસંગનું આયોજન થાય.
વૃષભ : સામાજિક પ્રતિષ્ઠા વધે. ધંધાકીય પ્રવૃત્તિમાં હકારાત્મક વાતાવરણ રહેતું જણાય.
મિથુન : નવા સાહસનું આયોજન થતું જણાય. ભાઈ-ભાંડુ સાથે સુમેળ સર્જાય.
કર્ક : કુટુંબમાં સુમેળભર્યું વાતાવરણ રહે. જમીન-મકાનના કામમાં સરળતા રહે.
સિંહ : જીવનસાથી સાથેના મતભેદો દૂર થાય. ભાગીદારી પેઢીમાં એકવાક્યતા રહેવા જણાય.
કન્યા : કોઈ લક્ઝરીયસ ચીજ-વસ્તુની ખરીદી થાય. મુસાફરીનું આયોજન થઈ શકે.
તુલા : જામીનગીરીના કામકાજમાં સરળતા રહે. વડીલવર્ગ તેમજ મિત્રો સાથે સુમેળ રહે.
વૃશ્ચિક : પિતા સાથે એકવાક્યતા રહે. જમીન-મકાનના કાર્ય સરળતાથી પાર થાય.
ધન : કોર્ટ-કચેરીના કામકાજમાં સરળતા રહે. પડોશી સાથે સુમેળ રહે.
મકર : નાણાકીય કટોકટી થતી જણાય. વાણી ઉપર અંકુશ રાખવો જરૂરી.
કુંભ : જાહેર જીવનમાં માન-પ્રતિષ્ઠા વધે. ભાગીદારી પેઢીમાં એકવાક્યતા રહે.
મીન : કોર્ટ-કચેરીના કામકાજમાં પ્રતિકૂળતા રહે. મોસાળપક્ષ તરફ અસંતોષ રહે.

# નવા સત્રના પ્રારંભે જ સ્કૂલવાન અને રિક્ષાવાળાએ આંદોલન છેડતાં વાલીઓ હેરાન પરેશાન

આણંદ,તા.૧૫

આણંદ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓ સાથે ખાનગી સ્કૂલો અને માધ્યમિક સ્કૂલોમાં ગુરુવારથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થતાં શાળાના મેદાનો અને વર્ગો બાળકોના કિલકિલાટથી ગુંજી ઉઠયા હતા. શાળાઓમાં આચાર્ય અને શિક્ષકો દ્વારા બાળકોને કુમ કુમ તિલક કરીને આવકારવામાં આવ્યાં હતા. તો બીજી બાજુ આરટીઓ દ્વારા ટેકસી પાર્સિંગ અને વિદ્યાર્થીની સંખ્યા ને લઇને સ્કૂલવાન અને સ્કૂલ રીક્ષા પર કડક કાર્યવાહીના પગલે વહેલી સવારથી સ્કૂલ રીક્ષા એસોસિએશન અને સ્કૂલવાનના સંચાલકોની હડતાલ પર ઉતરી જતાં વાલીઓને પ્રથમ દિવસે તમામ કામ પડતાં મુકીને બાળકોને સ્કૂલે મુકવા જવાનો વારો આવતાં ભારે ગણગણાટ જોવા મળ્યો હતો. સ્કૂલવર્ધીમાં ફરતા રીક્ષા અને સ્કૂલવાન માટે ટેક્સી પાર્સિંગ સહિતના નિયમો કડક બનાવવામાં આવતા જેના વિરોધમાં ગુરુવારથી સ્કૂલવર્ધીનાં ખાનગી વાહન ચાલકો એ હડતાળ પર ઉતરી જઈ સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું.

સ્કૂલવર્ધીમાં ફરતા વાહન ચાલકોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આરટીઓ કચેરી દ્વારા કોઈ પણ જાતની પૂર્વ સૂચના આપ્યા સિવાય સ્કૂલ વર્ધિના વાહનો વિરુદ્ધ કાર્યવાહી કરીને વાહનો ડિટેઈન કરી દંડનીય કાર્યવાહી કરતા તેમજ સ્કૂલ વર્ધિના વાહનોને ટેક્સી પાંર્સિગમાં કરવા ફરજિયાત કરતા આ ખર્ચ અને ટેક્ષ ગરીબ અને મધ્યમવર્ગીય વાહન ચાલકોને પોષાય તેમ નથી. જેથી આ નિયમમાં છૂટછાટ આપવા માંગ કરી હતી.

### અમદાવાદ, સુરત સહિત રાજ્યભરના અને મુંબઈથી આવેલા હરિભકતોએ બેનરો-સૂત્રો સાથે કર્યું વિરોધ પ્રદર્શન

# લંપટ સાધુઓની સેક્સલીલાથી રોષે ભરાયેલ ભક્તોનો ઉગ્ર વિરોધ : બાવાઓને જેલ ભેગા કરો

## વડતાલ ટેમ્પલ બોર્ડના ચેરમેન સહિતના અગ્રણીઓ પહેલાં જ રવાના થઈ ગયા : આવેદનપત્ર પાઠવી અપાઈ ચીમકી



નડિયાદ,તા.૧૫

વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના ત્રણ સ્વામી વિરૂધ્ધ વડોદરા ખાતે દુષ્કર્મની ફરિયાદ તેમજ તેમજ ગઢડામાં સૃષ્ટી વિરૂધ્ધનાં કાર્યો સહિતની બાબતોને લઈને સ્વામિનારાયણ સિધ્ધાંત રક્ષક સમિતિના નેજા હેઠળ સુરત, ગઢડા, રાજકોટ, મુંબઈ, અમદાવાદ, જૂનાગઢ, ભાવનગર, ભરૂચ સહિત સ્થળોથી આજે વડતાલ હરિભક્તો આવી ચડ્યા હતા અને મંદિર પરિષદમાં ઉગ્ર દેખાવો કર્યા હતા અને આવા સાધુઓને હાકી કાઢવાની માંગ પણ કરી હતી જેને લઈ વડતાલમાં મામલો ગરમાયો હતો. જોકે કોઈ અપ્રિય ઘટના ના બને તે માટે પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ વડતાલ સ્વામિનારાયણ મંદિર સંપ્રદાયના સાધુઓની સેક્સ લીલાઓથી હરિભક્તો નારાજ થયા છે થોડા સમય પહેલા આ મુદ્દો ભારે ચગ્યા હતો. વડોદરા પોલીસ સ્ટેશનમાં સ્વામિનારાયણ સંપ્રદાયના ત્રણ સ્વામી વિરૂધ્ધ વડોદરા ખાતે યુવતીએ નોંધાવેલી ફરિયાદ બાદ પોલીસ આ લંપટ સાધુઓની તપાસમાં નીકળી છે અને પોલીસે વડતાલમાં ધામા નાખ્યા છે તો બીજી બાજુ સ્વામિનારાયણ સંપ્રદાયના ભક્તો પણ સાધુઓની આ પાપ લીલાથી નારાજ થયા છે સ્વામિનારાયણ સિદ્ધાત હિત રક્ષક સમિતિના નેજા હેઠળ સુરત, ગઢડા, રાજકોટ, મુંબઈ, અમદાવાદ, જૂનાગઢ, ભાવનગર, ભરૂચ સહિતના સ્થળોથી હરિભક્તો વડતાલ મંદિરે આવી ચડ્યા હતા અને ભારે દેખાવો કર્યો હતો નારાજ હરિભક્તોનો ગુસ્સો છલકાતા પોલીસ બોલાવવી પડી હતી. પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો નારાજ હરીભક્તોની એક જ માંગ હતી કે એ લંપટ સાધુઓને ભગાવો, સંપ્રદાય બચાવો પ્રાઈવેટ સંસ્થા ભગાવો, વડતાલ ગાદી બચાવો ટ્રસ્ટીઓને ભગાવો, મંદિરને બચાવો ધર્મ ને બચાવો નરાધમ સાધુને ભગાવો, સ્ત્રી ધનના ત્યાગીઓને લાવો લંપટ સાધુના સરદાર નૌતમપ્રકાશને ભગાવો, સંપ્રદાયનું બંધારણ બચાવો વહીવટી સ્કીમનો અમલ કરો અને બાળકોનું શોષણ કરતા સાધુ ને ભગાવોના સૂત્રોચ્ચાર કરતા હતા તેમજ તેમના હાથમાં બેનર હતા જેમાં આ તમામ શબ્દો લખેલા હતા હરિભક્તોએ આવા બેનર અને પ્લે કાર્ડ સાથે મૌન રેલી યોજી મંદિરની પ્રદિક્ષણા કરી હતી ઉપરાંત ધૂન પણ બોલાવી હતી બાદમાં વડતાલ ટેમ્પલ બોર્ડના ટ્રસ્ટી મંડળને ઉદેશી લખેલ આવેદનપત્ર મંદિરના એક કર્મચારીને પાઠવી આવા લંપટ સાધુઓને જેલ ભેગા કરવામાં આવે તેવી માંગણી કરી છે. જો કે હરિભક્તો વડતાલ ખાતે મોટી સંખ્યામાં આવેલાની જાણ વડતાલ ટેમ્પલ બોર્ડના ચેરમેન તેમજ મંદિરના કોઠારી સહિતના જવાબદાર સાધુ સંતોને થઈ ગઈ હતી જેથી મંદિર ખાતેથી રવાના થઈ ગયા હતા જેથી હરિભક્તો મંદિરમાં આવેલ કોઠારીની ઓફિસમાં આવેદનપત્ર પાઠવવા ગયા ત્યારે કોઈ જવાબદાર સાધુ સંત કે મંદિરના ટ્રસ્ટી ઉપસ્થિત ન હોઈ દૂરદુરથી આવેલા હરીભક્તોમાં રોષ ભભૂકી ઉઠયો હતો. આવેદનપત્ર પાઠવવા આવેલ હરિભક્તો દ્વારા રોષપૂર્વક જણાવ્યું હતું કે વડતાલના તાબાની અંદરના વડોદરા અને ગઢડા મંદિરમાં સૃષ્ટી વિરૂધ્ધનાં કામ થયધ્ છે એક સ્વામી નાના બાળક જોડે ખરાબ કામ કરે છે,જ્યારે બીજા એક સ્વામી બાથરૂમમાં એક બાળક સાથે ખરાબ કામ કરે છે. વડોદરા મંદિરના ત્રણ સ્વામી એક છોકરી ઉપર દુષ્કર્મ ગુજારે છે તેમજ તેમને દબાવવા માટે ધાકધમકીઓ આપે છે. આજ દિવસ સુધી સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો ઉપર વડતાલ મંદિરનો કોઈ કંટ્રોલ નથી. આચાર્ય રાકેશ પ્રસાદનો કોઈ કંટ્રોલ નથી.બની બેઠેલા મહાસભાના પ્રમુખનો પણ આના ઉપર કોઈ દબાવ નથી. નૌતમ સ્વામી તો ખાલી પૂતળું છે પાછળના સંતોએ તેમને આગળ લાવી દીધા છે. પડદાની પાછળ અનીતિનાં કામો થઈ રહ્યાં છે માટે આજે જે ગુનામાં સંકયાયેલા સાધુઓ છે તેઓ ઉપર કાયદેસરનાં પગલાં ભરવામાં આવે. તેઓને જેલની સજા થાય. હરિભક્તોએ જણાવ્યું કે સંપ્રદાયના લંપટ સાધુઓ દ્વારા કરાતી લીલાઓને લઈ અમારે બહાર નીકળવું મુશ્કેલ થઈ રહ્યું છે. લોકો ટોણા મારી રહ્યા છે કે, આ તમારા ટકલાઓને ધોતિયા કાઢીને બહાર કાઢો. જો ન્યાય નહીં મળે તો અમારે એ પગલાં પણ લેવાં પડશે. સૃષ્ટી વિરૂધ્ધનાં કૃત્યો સાધુઓ કરી રહ્યા છે. જમીનો પચાવી પાડે છે, રેપ કરે છે. આવાં આવાં કામો તેઓ કરી રહ્યા છે. ભગવાનનાં કપડાં પહેરીને શૈતાન પેદા થયા છે. જે સંપ્રદાય માટે કલંક રૂપ છે. આવા બધાને સંપ્રદાયમાંથી કાઢવા માટે અમે એક થયા છીએ. કા તો તેઓ સુધરી જાય નહિતર તેઓને કાઢવા જ પડશે.

### TRP ગેમ ઝોનના મૃતકોની માસિક પુણ્યતિથિએ રાજકોટ બંધનું એલાન

# અગ્નિકાંડ મુદ્દે સમગ્ર રાજકોટવાસીઓનો એક સૂર 'અમને કોઈપણ સંજોગોમાં ન્યાય મળવાનો નથી'

અમદાવાદ, તા.૧૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર વાર્તાને સંબોધતા ગુજરાત કોંગ્રેસના ધારાસભ્ય અને કાર્યકારી પ્રદેશ પ્રમુખ જિગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે, રાજકોટ અગ્નિકાંડને ૧૪ દિવસ કરતા વધુ સમય થયો, હું ૧૪ દિવસ રાજકોટ જ હતો ત્યાં પીડિતોના પરિવારની વેદના સાંભળી, પ્રાર્થના સભામાં ભાગ લીધો, શ્રદ્ધાંજલિના કાર્યક્રમો આપ્યા, પીડિતો માટે મૌન પાળ્યું, પત્રિકા વિતરણ કરી, લોકસંપર્ક કર્યો, અનેક મીડિયા મિત્રો, પત્રકાર મિત્રો સાથે અગ્નિકાંડ વિશે વાત કરી, અગ્રણી નાગરિકો અને બુદ્ધિજીવીઓને મળ્યા, સમગ્ર રાજકોટનું એકસુરે આજની તારીખે એવું માનવું છે કે, અગાઉ તક્ષશીલા કાંડ, શ્રેય હોસ્પિટલ કાંડ, રાજકોટમાં કોરોના દરમ્યાન સ્વર્ણ હોસ્પિટલમાં લાગેલ આગમાં આઠ લોકોના મૃત્યુ પામ્યાની ઘટના અને વડોદરાની અગ્નિકાંડની ઘટના આવી એકપણ ઘટનામાં રાજ્યની સરકારે અને પોલીસે કસૂરવાર મોટા અધિકારીઓ અને ભારતીય જનતા પાર્ટીના ભ્રષ્ટ નેતાઓની ક્યારેય ધરપકડ કરી નથી અને એના કારણે આજે રાજકોટ શહેરમાં પીડિત પરિવારોમાં એવી લાગણી પ્રવર્તે છે આ કિસ્સામાં એમને કોઈપણ સંજોગોમાં ન્યાય મળવાનો નથી. ગઈકાલે સરકારના એક મંત્રીએ અને એસ.આઈ.ટી.ના વડા સુભાષ ત્રિવેદીએ પણ કહ્યું કે, આ અંગે તપાસ ચાલી રહી છે. ઘટના બન્યાને થોડાક દિવસોમાં એક મહિનો થવા આવશે એમ છતાં આ તપાસમાં એવું તો શું કરી રહી છે એનાથી સમગ્ર ગુજરાતની જનતા એકપ્રકારે અજાણ છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સેવા દળના અધ્યક્ષ લાલજી દેસાઈએ જણાવ્યું હતું કે, દૂર વિદેશ કુવૈતમાં બનેલી અગ્નિકાંડની ઘટનામાં વડાપ્રધાન દુઃખ વ્યક્ત કરીને બે લાખની સહાય જાહેર કરે છે, પરંતુ તેમના પોતિકા ગુજરાતમાં આ દુઃખ ભરી ઘટનાના પીડિતોને પરિવારને માત્ર ચાર લાખ રૂપિયા આપવા એ ક્યાંનો ન્યાય ? જિગ્નેશ મેવાણી અને લાલજી દેસાઈએ સંયુક્ત પ્રેસ વાર્તાને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ વતી સરકારને માંગણી કરી હતી કે, રાજકોટ મુદ્દે ફાસ્ટટ્રેક કોર્ટની રચના કરવામાં આવે, મૃતકોના પરિવારને એક કરોડ રૂપિયા માનવીય આધારે સહાય ચૂકવવામાં આવે. આગામી તા.૧૫ના રોજ પોલીસ કમિશ્નર કચેરીએ મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકર્તાઓ અને મૃતકના પરિવારોજનો આવેદનપત્ર આપશે.

### હજી પણ ઊભા છે આ પ્રશ્નો

૧. કોની સૂચનાથી અને કયા આશયથી રાજકોટ મ્યુનિ. કમિશ્નર અને પોલીસ કમિશ્નર દ્વારા આ ક્રાઈમસીનને ડિસ્ટર્બ કરવામાં આવ્યો ?

૨. પેટ્રોલિયમ એક્ટ હેઠળ ત્રીસ લીટરથી વધારે પેટ્રોલ રાખી શકાતો નથી ત્યાં ભયંકર મોટી સંખ્યામાં પેટ્રોલનો જથ્થો બરામદ થયો એ બાબતમાં હજી સુધી એફ.આઈ.આર.માં કલમ વધારાનો રિપોર્ટ કરીને પેટ્રોલિયમની કોઈ જ કલમનો ઉમેરો કરવામાં આવેલ નથી.

૩. રાજકોટવાસીઓના મુખે એવી ચર્ચા છે કે, અત્યારે જે ઓફિસરો ઘટનાની તપાસ કરી રહ્યા છે એ ઓફિસર પૈકીના બે માણસો બરાબર ઘટનાના ચોવીસ કલાક પહેલાં એક જુગારની મેટરમાં તોડ કરી રહ્યા હતા.

૪. જે લોકો દારૂ અને જુગારમાંથી કમાણી કરી છે એવા અધિકારીઓને તપાસ ટીમમાં લેવામાં આવ્યા છે.

૫. એસ.આઈ.ટી. મોરબીકાંડમાં પણ બની હતી અને મોરબીકાંડની મેટર લડી રહેલા એડવોકેટ મિત્ર સાથે વાત થઈ એમણે કહ્યું કે, મોરબીકાંડમાં દાખલ થયેલ ચાર્જશીટમાં એસ.આઈ.ટી.ના રિપોર્ટને મૂકવામાં આવેલ નથી.

# ગણિત બેઝિક પાસ વિદ્યાર્થીને સાયન્સમાં પ્રવેશ માટે શાળામાં પરીક્ષા આપવી પડશે

અમદાવાદ, તા.૧૫

ધોરણ-૧૦માં બેઝિક ગણિત સાથે પાસ વિદ્યાર્થીઓને પણ ધોરણ-૧૧ સાયન્સમાં તમામ ગ્રુપમાં પ્રવેશ માટે લેવામાં આવેલા નિર્ણય બાદ શિક્ષણ બોર્ડ દ્વારા પ્રવેશ માટેની માર્ગદર્શિકા જાહેર કરી છે. જેમાં ધોરણ-૧૧ સાયન્સમાં પ્રવેશ આપવા માટે વિદ્યાર્થીઓની ક્ષમતા અને યોગ્યતા નક્કી કરી પ્રવેશ આપવાનો રહેશે. આ માટે ધોરણ-૧૦માં બેઝિક ગણિતમાં કૃપા ગુણ સિવાય ૩૩ ટકાથી વધુ ગુણ મેળવેલા હોવા જરૂરી છે. ઉપરાંત વિદ્યાર્થીઓની ક્ષમતા ચકાસવા માટે શાળા કક્ષાએ ગણિત સ્ટાન્ડર્ડના પરિરૂપમાં સામેલ એકમોનો સમાવેશ કરી ૩૦ ગુણની પરીક્ષા લેવાશે, જેમાં ૩૩ ટકા ગુણ લાવનાર વિદ્યાર્થીને છ અને AB ગ્રુપમાં પ્રવેશ અપાશે. પ્રાપ્ત માહિતી અનુસાર, સરકાર દ્વારા ધોરણ-૧૦ બેઝિક ગણિત પાસ વિદ્યાર્થીઓને સાયન્સમાં પ્રવેશ માટે લેવામાં આવેલા નિર્ણય બાદ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૧ સાયન્સમાં પ્રવેશ માટેની માર્ગદર્શિકા નક્કી કરી છે. જે મુજબ, માર્ચ-૨૦૨૪ની પરીક્ષામાં ધોરણ-૧૦ બેઝિક ગણિત સાથે ઉત્તીર્ણ ઉમેદવારોને ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં ગ્રૂપ-A અથવા ગ્રૂપ-B અથવા ગ્રૂપ-ABમાં પ્રવેશ માટેનો લાભ ચાલુ શૈક્ષણિકસત્રથી આપવામાં આવશે. ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓએ ધોરણ-૧૦ બેઝિક ગણિત સાથે ઉત્તીર્ણ વિદ્યાર્થીઓ ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના ગ્રૂપ-A અથવા ગ્રૂપ-AB માટે પ્રવેશ મેળવે તો તેઓની ક્ષમતા અને યોગ્યતા નક્કી કરી પ્રવેશ આપવાનો રહેશે. શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓની ક્ષમતા અને યોગ્યતા નક્કી કરવા માટેના નિયમો પણ બનાવ્યા છે, જેથી સ્કૂલોએ તેને અનુસરીને પ્રવેશ આપવાનો રહેશે. જેમાં વિદ્યાર્થીએ ધોરણ-૧૦ બેઝિક ગણિતમાં કૃપા ગુણ સિવાય ૩૩ ટકાથી વધુ ગુણ મેળવેલા હોવા જોઈએ. શાળાએ ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીની ક્ષમતા ચકાસવા માટે ધોરણ-૧૦ના સ્ટાન્ડર્ડ ગણિતના પ્રશ્નપત્ર પરિરૂપમાં સામેલ એકમોનો સમાવેશ કરી ઉમેદવારની ૩૦ ગુણની કસોટી શાળા કક્ષાએ લેવાની રહેશે. આ કસોટીમાં ૧૫ ગુણ બહુવિકલ્પિય પ્રશ્નો અને ૧૫ ગુણના વર્ણનાત્મક પ્રશ્નોનો સમાવેશ કરી પ્રશ્નપત્ર શાળા કક્ષાએ તૈયાર કરવાનું રહેશે. આ ટેસ્ટમાં ૩૩ ટકા ગુણ મેળવનારા વિદ્યાર્થી જ ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના ગ્રૂપ-A અથવા ગ્રૂપ- AB માટે યોગ્ય ગણાશે. વિદ્યાર્થીઓના ધોરણ-૯થી ધોરણ-૧૦ના પરિણામના આધારે વિદ્યાર્થીની ગણિત વિષયની ક્ષમતાને જાણીને ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના ગ્રૂપ-A અથવા ગ્રૂપ-AB માટે વિદ્યાર્થીની રૂબરૂ મુલાકાત કરીને તેની ગણિત વિષયની રસ, રૂચિ અને વલણની જાણકારી મેળવી તેઓની ક્ષમતા અને યોગ્યતા મુજબ પ્રવેશ આપવામાં આવશે. શાળા કક્ષાએ ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના અભ્યાસ દરમ્યાન ઉમેદવારનું ગણિત વિષય સંબંધિત મૂલ્યાંકન સમયાંતરે કરવાનું રહેશે.

# વધારાના પાણી મુદ્દે હિમાચલપ્રદેશના યુ-ટર્નને કારણે દિલ્હીની હાલત કફોડી

નવી દિલ્હી, તા.૧૫

રાષ્ટ્રીય રાજધાનીમાં વધતા જતા જળ સંકટ વચ્ચે હિમાચલપ્રદેશ સરકારે તેના અગાઉના નિવેદનને પાછું ખેંચી લીધું છે અને સુપ્રીમ કોર્ટને જાણ કરી હતી કે, તેની પાસે તેના અગાઉના નિવેદનની વિરૂધ્ધ ૧૩૬ ક્યુસેક પાણીનો સરપ્લધ્ નથી. સુપ્રીમ કોર્ટે તેના જવાબમાં દિલ્હી સરકારને પાણી પુરવઠા અંગે અપર યમુના રિવર બોર્ડ **(UYRB)** સાથે આ મામલાને આગળ વધારવાનો નિર્દેશ આપ્યો હતો. હિમાચલપ્રદેશ સરકારનું પ્રતિનિધિત્વ કરતા વકીલે કોર્ટને માહિતી આપી હતી કે, ૧૩૭ ક્યુસેક પાણી વાસ્તવમાં 'સિંચાઈ પછી બિનઉપયોગી અને નદીના પ્રવાહના કુદરતી પ્રવાહનો એક ભાગ છે.' વકીલે કહ્યું કે, 'અમે આ અગાઉ ચોક્કસ રીતે જણાવવામાં નિષ્ફળ ગયા હોઈ શકીએ છે. અમારૂં સુધારેલું નિવેદન રેકોર્ડ ઉપર મૂકવામાં આવે. કદાચ અગાઉ કોઈ ભૂલ હતી, હું પ્રવાહના અવરોધ અંગેના અગાઉના નિવેદનને સુધારીશ અને પાછું ખેંચી લઈશ.' વકીલના આ જવાબને કારણે કોર્ટ તરફથી કડક ચેતવણી આપવામાં આવી હતી અને કહ્યું હતું કે, 'અમારી પાસે તમારા ઉપર તિરસ્કારનો આરોપ લગાવવાની અને તમારા મુખ્ય સચિવને બોલાવવાની સત્તા છે.' જવાબમાં હિમાચલ સરકારના વકીલે સોગંદનામું સબમિટ કરવાનું અને તેમનો અગાઉનો જવાબ પાછો ખેંચવાનું વચન આપતા માફી માંગી. કોર્ટે અપર યમુના રિવર બોર્ડને આ મુદ્દાનો ઉકેલ લાવવાનો નિર્દેશ આપ્યો છે. અગાઉ બોર્ડે આગ્રહ કર્યો હતો કે, હિમાચલપ્રદેશે ૬ઠ્ઠી જૂને સુપ્રીમ કોર્ટના ચુકાદાને પગલે દિલ્હી માટે ૧૩૭ ક્યુસેક બિનઉપયોગી પાણી છોડવું જોઈએ. કોર્ટમાં સબમિટ કરવામાં આવેલી એફિડેવિટમાં બોર્ડે હિમાચલપ્રદેશ દ્વારા હરિયાણાને મોકલેલા પત્રનો સંદર્ભ આપ્યો હતો, જે દર્શાવે છે કે, પહાડી રાજ્યનો હિસ્સો બિનઉપયોગી પાણી પહેલેથી જ હથનીકુંડ બેરેજમાં સતત વહી રહ્યો છે અને હરિયાણાએ તેને દિલ્હીને છોડવું જોઈએ. બોર્ડે જણાવ્યું હતું કે, 'ઉપરોક્ત પત્ર મુજબ હિમાચલપ્રદેશના પ્રદેશમાંથી તાજેવાલા (હરિયાણામાં) સુધી ૧૩૭ ક્યુસેક બિનઉપયોગી પાણી પહેલેથી જ અવિરત વહી રહ્યું છે. તેથી એવું લાગે છે કે, હિમાચલપ્રદેશ સુપ્રીમ કોર્ટના ૬/૬/૨૦૨૪ના રોજ આપવામાં આવેલ આદેશ પછી કોઈ વધારાનું પાણી છોડતું નથી. જે અપર યમુના રિવર બોર્ડ દ્વારા માપી શકાય છે.'

# આબોહવા પરિવર્તનને કારણે ૬ માસમાં અઢી હજાર લોકોનાં મોત

નવી દિલ્હી તા.૧૫

આ વર્ષે આબોહવા પરિવર્તનના કારણે અત્યારસુધી ૨૫૦૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. તેમજ રૂા.૩.૪૩ લાખ કરોડનું નુકસાન થયું છે. સમયાંતરે ઋતુ પરિવર્તન માટે પ્રચલિત દેશોમાં પણ હવામાન ખોરવાઈ ગયું છે. જેના લીધે લાખો કરોડોનું નુકસાન થઈ રહ્યું છે. બ્રિટન સ્થિત એનજીઓ ક્રિશ્ચયન એડ દ્વારા જાહેર કરાયેલ રિપોર્ટ અનુસાર, છેલ્લા છ માસમાં ખરાબ હવામાન, કુદરતી આફતો આબોહવા પરિવર્તનનું પરિણામ છે. આ આંકલન ગતવર્ષે ડિસેમ્બરમાં દુબઈમાં ઈન્ટરનેશનલ કલાઈમેન્ટ ટોક બાદ જારી કરવામાં આવ્યા છે. એનજીઓ અનુસાર, યુએઈમાં કોપ૨૮ બાદ પણ ફોસિલ ફ્યુલનો ત્યાગ કરવા અને આબોહવાના લીધે સર્જાઈ રહેલી કુદરતી આફતોનો સામનો કરવામાં ગરીબ દેશોને સમર્થન અને સહાય આપવામાં કોઈ ખાસ પ્રગતિ જોવા મળી નથી. જર્મનીમાં કલાઈમેટ ટોકના બીજા સપ્તાહમાં જણાવવામાં આવ્યું હતું કે, આ સંખ્યા દર્શાવે છે કે, આબોહવા સંકટ સતત વધી રહ્યું છે. એનજીઓના એક અધિકારી ક્રિશ્ચયન એડએ જણાવ્યું હતું કે, ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જન માટે સૌથી વધુ જવાબદાર ધનિક દેશ છે. આ ધનિક દેશોએ આબોહવા પરિવર્તનની અસરો ઘટાડવા અને અન્ય દેશોમાં થઈ રહેલી અસરોને દૂર કરવા મદદરૂપ થવુ જોઈએ. તેઓએ આ સંદર્ભે પોતાનું ફંડિંગ વધારવું જોઈએ. કોપ૨૮માં આબોહવા પરિવર્તનની ઘટનાઓના લીધે ગરીબ દેશોને થતાં નુકસાનને દૂર કરવા ફંડ ફાળવવા પર સહમતિ આપવામાં આવી હતી. પર્યાવરણવિદ ડો.સીમા જાવેદના જણાવ્યા અનુસાર ભારતમાં ગરમીના કારણે મોટા પાયે મૃત્યુ થઈ રહ્યા છે. કૃષિપ્રધાન દેશમાં આબોહવા પરિવર્તનના કારણે આર્થિક નુકસાન પણ અનેકગણું વધ્યું છે. જેનું હાલ કોઈ મૂલ્યાંકન કરવામાં આવ્યું નથી, પરંતુ લોકોની કાર્યક્ષમતા ઉપર અસર થઈ છે. અખાતના વિસ્તારોમાં પણ આબોહવા પરિવર્તનના કારણે પૂરનું જોખમ સતત વધી રહ્યું છે. અહેવાલ મુજબ, દક્ષિણ



અને દક્ષિણ-પશ્ચિમ એશિયામાં પૂરના કારણે ઓછામાં ઓછા ૨૧૪ લોકોનાં મોત થયા છે અને એકલા સંયુક્ત આરબ અમીરાતમાં ૮૫ કરોડ ડોલરનું નુકસાન થયું છે. અહેવાલમાં જણાવાયું છે કે પશ્ચિમ, દક્ષિણ અને દક્ષિણપૂર્વ એશિયામાં એક સાથે હિટવેવથી ૧,૫૦૦થી વધુ લોકો એકલા મ્યાનમારમાં મૃત્યુ પામ્યા હતા, જ્યારે ગરમી સંબંધિત મૃત્યુ મોટા પ્રમાણમાં ઓછા નોંધાયા હતા. સંસ્થાના ગ્લોબલ એડવોકેસીના વડા મારિયાના પાઓલી કહે છે કે જો આપણે અત્યારે સાવચેતી નહીં રાખીએ તો આ સ્થિતિ વધુ ગંભીર બનશે, અને સર્વેનો નાશ થશે. અત્યારે આખી દુનિયા આ દિશામાં ગંભીરતા સાથે કામ નથી કરી રહી, જેના પરિણામો ભોગવવા પડી શકે છે. આ માટે ગંભીર પગલાં ભરવાની માંગ ઉઠી રહી છે. ખાસ કરીને એવા દેશો માટે જે આર્થિક રીતે નબળા છે અને કટોકટીથી વધુ પ્રભાવિત છે. રિપોર્ટ અનુસાર, આબોહવા પરિવર્તનના કારણે ૪૧૦૦ કરોડ ડોલરનું નુકસાન થયું છે. પરંતુ તે વીમાના આધારે કરવામાં આવ્યું છે. આ આંકડાઓ આપત્તિઓના કારણે માનવ જીવનના નુકસાનની કિંમતને સંપૂર્ણપણે આવરી લેતાં નથી. બ્રાઝિલમાં પૂરને કારણે ઓછામાં ઓછા ૧૬૯ લોકો માર્યા ગયા અને ઓછામાં ઓછા સાત અબજ ડોલરનું આર્થિક નુકસાન થયું છે.

## કુવૈતમાં અગ્નિકાંડમાં મૃત્યુ પામેલા રાજ્યના લોકોના પરિજનોને કેરળ સરકાર રૂા.૫ લાખની સહાય આપશે

(એજન્સી) તા.૧૫

કેરળ સરકારે જણાવ્યું હતું કે કુવૈત આગ દુર્ઘટનામાં મૃત્યુ પામ્યા છે તે રાજ્યના લોકોના પરિવારોને રૂા.૫ લાખની આર્થિક સહાય પૂરી પાડશે. આ દુર્ઘટનામાં ૪૯ લોકોનાં મોત થયા હતા અને ૫૦ અન્ય ઘાયલ થયા હતા. મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયનની અધ્યક્ષતામાં મળેલી કટોકટીની કેબિનેટ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો કે, કેરળ સરકાર કુવૈતમાં આગમાં મૃત્યુ પામેલા રાજ્યના લોકોના પરિજનોને રૂા.૫ લાખની સહાય આપશે. તેમના કાર્યાલય દ્વારા જારી કરાયેલા નિવેદનમાં જણાવાયું હતું કે, કેબિનેટે આ ઘટનામાં ઘાયલ થયેલા લોકોને રૂા. એક લાખની આર્થિક સહાય આપવાનો પણ નિર્ણય કર્યો હતો. રાજ્યના આરોગ્ય પ્રધાન વીણા જ્યોર્જને તાત્કાલિક કુવૈત મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો જેથી ઘાયલ લોકોને સારવાર પૂરી પાડવાના પ્રયાસો તેમજ કેરળમાં મૃતકોના નશ્વર અવશેષોને વહેલામાં વહેલી તકે પરત લાવી શકાય. મંત્રીની સાથે રાજ્ય મિશન ડાયરેક્ટર જીવનબાબુ પણ હશે. નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે અગ્રણી ઉદ્યોગપતિ એમ યુસુફ અલી અને રવિ પિલ્લઈએ મુખ્યમંત્રીને જાણ કરી છે કે તેઓ આગમાં મૃત્યુ પામેલા કેરળવાસીઓના દરેક પરિવારને અનુક્રમે ?૫ લાખ અને રૂા.૨ લાખ આપશે. આ સહાય બિન-નિવાસી કેરળવાસીઓની બાબતોના વિભાગ દ્વારા પૂરી પાડવામાં આવશે અને બે ઉદ્યોગપતિઓની સહાયથી, આ ઘટનામાં મૃત્યુ પામેલા રાજયના દરેકના પરિવારને રૂા.૧૨ લાખ મળશે. કેબિનેટે કુવૈતમાં આગની દુર્ઘટનામાં થયેલા મૃત્યુ અંગે શોક વ્યક્ત કર્યો હતો. તેણે વધુમાં જણાવ્યું હતું કે પીડિતોને તમામ શક્ય સહાય પૂરી પાડવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. એક હેલ્પ ડેસ્ક અને વૈશ્વિક સંપર્ક કેન્દ્ર ચોવીસ કલાક ખુલ્લું છે. નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે કેન્દ્ર સરકાર દ્વારા કુવૈતમાં કરવામાં આવી રહેલા હસ્તક્ષેપને રાજ્ય સરકાર સંપૂર્ણ સમર્થન આપશે. કુવૈતી સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, દક્ષિણી શહેર મંગફમાં એક બિલ્ડિંગમાં આગ ફાટી નીકળી હતી, જેમાં લગભગ ૪૦ ભારતીયો સહિત ૪૯ વિદેશી કામદારો માર્યા ગયા હતા અને ૫૦ અન્ય ઘાયલ થયા હતા.

# ટાટા કેમિકલ્સની હોસ્પિટલ કમ્યૂનિટી હેલ્થકેરને મજબૂત બનાવે છે

## મીઠાપુર અને તેની આસપાસના ગામોમાં સ્થાનિક લોકો માટે ઓક્રોલોજી, કાર્ડિયાક નિષ્ણાંતો, સર્જન અને ફિઝિશન સાથે હેલ્થ કેમ્પનું આયોજન કર્યું

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૫

પોતાના સમુદાયની સુખાકારી માટે પ્રતિબદ્ધ ટાટા કેમિકલ્સ લગભગ ૩૦,૦૦૦ની વસ્તી ધરાવતા સ્થાનિક સમુદાયો અને આસપાસના ગામોના લોકો માટે મીઠાપુરમાં તેની હોસ્પિટલ ખાતે ૧૬મી જૂને સવારે ૯.૦૦થી બપોરના ૨.૦૦ વાગ્યા સુધી હેલ્થ કેમ્પનું આયોજન કરશે જેમાં રજિસ્ટ્રેશન સવારે ૭.૩૦ વાગ્યાથી શરૂ થશે. આ કેમ્પમાં ફિઝિશયન અને સર્જન દ્વારા મફત જનરલ ચેકઅપ હાથ ધરવામાં આવશે અને એક્સપર્ટ ઓક્રોલોજિસ્ટ અને કાર્ડિયોલોજીસ્ટ દ્વારા સ્પેશિયલાઈઝ્ડ ચેકઅપ તથા હોસ્પિટલની સુવિધાઓ, મેડિકલ ડિવાઈસીસ અને તેને સંબંધિત ઈન્સ્ટ્રૂમેન્ટ્સની ફુલ એક્સેસ અને કન્સલ્ટેશન પૂરા પાડવામાં આવશે.

૧૫ ઓગસ્ટ, ૧૯૪૯ના રોજ સ્થપાયેલી ટાટા કેમિકલ્સ હોસ્પિટલે છેલ્લા ૭૫ વર્ષોમાં ૧૦ મિલિયનથી વધુ દર્દીઓની સારવાર કરીને સ્થાનિક તથા આસપાસના સમુદાયોના લોકો ઉપર નોંધપાત્ર અસર ઊભી કરી છે. સમુદાયોને તેમની પહોંચની અંદર હોય તેવી ગુણવત્તાસભર હેલ્થકેર સેવાઓ પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ રહીને ટાટા કેમિકલ્સ હોસ્પિટલ આવા હેલ્થ અને વેલનેસ કેમ્પ દ્વારા સંભાળ અને સમુદાયોની સેવાનો વારસો ચાલુ રાખે છે. આગામી હેલ્થકેપમાં જનરલ ફિઝિશિયન, જનરલ સર્જન, કાર્ડિયોલોજીસ્ટ અને ઓક્રોલોજિસ્ટ સહિતના ચાર મેડિકલ પ્રોફેશનલ્સની ટીમ ટાટા કેમિકલ્સ હોસ્પિટલ ખાતે ઊભા થનારા મેડિકલ કેમ્પમાં વિવિધ હેલ્થકેર જરૂરિયાતો પૂરી કરશે. આ પહેલ થકી ટાટા કેમિકલ્સનું લક્ષ્યાંક મીઠાપુર, સુરજકરાડી, અરંભડા, ભીમરાણા, ઓખા, બેટ, મોજપ, વરવાળા અને બીજા અનેક ગામોના હજારો સ્થાનિક લોકોની સુખાકારીને પ્રાથમિકતા આપવાનું છે. ટાટા કેમિકલ્સ હોસ્પિટલના ચીફ હેલ્થ એન્ડ વેલનેસ ઓફિસર ડો. એસ. ભટનાગરે જણાવ્યું હતું કે, “સાત દાયકા કરતા વધુ સમયથીટાટા કેમિકલ્સ હોસ્પિટલ મીઠાપુરના સમુદાયો માટે ગુણવત્તાસભર હેલ્થકેરનો પર્યાય બની રહી છે.આ મેડિકલ કેમ્પ સમુદાયની સુખાકારી અને ઉત્થાન પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા રજૂ કરે છે. અમારો સતત પ્રયાસ છે કે દરેક વ્યક્તિને નિષ્ણાંત કન્સલ્ટેશન અને સ્ક્રિનિંગ માટે આ તકનો લાભ લેવા વિનંતી કરવામાં આવે જેનાથી તેમના સ્વાસ્થ્યને લાભ થાય. આ પહેલ અમારા સમુદાયની જરૂરિયાતોને પહોંચી વળવા માટેના અમારા અડગ સમર્પણને રજૂ કરે છે અને અમે માનીએ છીએ કે આ પ્રયાસો તેમની સુખાકારી માટે અમારી પ્રતિબદ્ધતાને મજબૂત બનાવશે.”

આ પહેલ પર ટિપ્પણી કરતાટાટા કેમિકલ્સના ચીફ મેન્યુફેક્ચરિંગ ઓફિસર એન. કામથે જણાવ્યું હતું કે, “ટાટા કેમિકલ્સ હોસ્પિટલે છેલ્લા કેટલાક દાયકાઓમાં મીઠાપુરના સમુદાયો માટે હેલ્થકેરની પહોંચ અને ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો કર્યો છે. એક સામાન્ય એકમ તરીકે શરૂ કરીને, તે સ્થાનિક હેલ્થકેર સિસ્ટમના એક મહત્વપૂર્ણ ભાગ તરીકે વિકસી છે અને વ્યાપક સેવાઓ તથા નિયમિત હેલ્થ ચેકઅપ પૂરા પાડે છે. અમે આશા રાખીએ છીએ કે આ હેલ્થકેમ્પની ઊંડી અસર ઊભી થશે, જે સુવિધાઓથી વંચિત વિસ્તારોમાં હજારો લોકોને આવશ્યક હેલ્થકેર સેવાઓ પૂરી પાડશે, ગંભીર પરિસ્થિતિનું વહેલા નિદાન કરીને તેના પર ધ્યાન આપશે અને એકંદરે સમુદાયના સ્વાસ્થ્યમાં સુધારો કરશે.” ટાટા કેમિકલ્સ હોસ્પિટલે મીઠાપુરની હેલ્થકેર સિસ્ટમનું એક અભિન્ન પાસું બની રહી છે જેથી સ્થાનિકો નિયમિત આરોગ્ય તપાસ અને ગુણવત્તાયુક્ત હેલ્થકેર સેવાઓનો લાભ લે.

### શિક્ષણાધિકારીએ ઈજાફા બાબતે લેખિત ખાત્રી આપતા

## સોરઠ જૂનાગઢ જીલ્લા નિવૃત પ્રાથમિક શિક્ષણ સંઘ દ્વારા ઉપવાસનો કાર્યક્રમ મુલત્વી રખાયો

જૂનાગઢ તા. ૧૫

સોરઠ જૂનાગઢ જીલ્લા નિવૃત પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જૂનાગઢને એક લેખિત પત્ર પાઠવી જણાવેલ છે કે, ૩૦ જુન નિવૃત શિક્ષકોને ઈજાફો આપવા બાબતે તા.૧૧-૬-૨૪ થી ઉપવાસ પર જવાના હતા પરંતુ પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી તરફથી ઈજાફા ચુકવવા માટેની કાર્યવાહી થયેલ છે અને જે તે હિસાબી શાખામાં બીલ રજુ થયેલા હોય તે બાબતે લેખિત ખાત્રી મળતા ઉપરોકત ઉપવાસ કાર્યક્રમ મુલત્વી રાખેલ છે. તેમજ જુન-૩૦ ના ઈજાફા અંગે જૂનાગઢ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ સહાનુભુતિથી અમારી રજુઆત સાંભળી અને ઝડપી નિકાલ આવે તે માટે કાર્યવાહી હાથ ધરી તે બદલ તેમનો આભાર માનીએ છીએ તેમ અંતમાં જણાવેલ છે.

### ધારાસભ્યના લોકદરબારમાં

## માણાવદર પાલિકાની પ્રિમોન્સુન કામગીરીમાં વહીવટદારની બેદરકારી ખુલ્લી પડી



(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા. ૧૫

માણાવદરના ધારાસભ્ય દ્વારા મામલતદાર કચેરીમાં લોકોના પ્રશ્નો સાંભળવા માટે લોકદરબારનું આયોજન કરવમાં આવેલ હતું. જેમાં માણાવદરના કાયમી માથાના દુઃખાવા સમાન રોડ, રસ્તા, ગટર તથા સફાઈ પ્રશ્નો ફરી ઉઠયા હતા. વારંવાર એક ને એક વાતો થાય છે. જનહિતમાં કામગીરી થતી ન હોવાની પ્રજાજનો દ્વારા ધારાસભ્યને રજુઆતો કરાઈ હતી. હાલ ચોમાસાની શરૂઆત થવા જઈ રહી છે ત્યારે માણાવદર પાલિકામાં ચોમાસાના સમયે જ ગટરોની સફાઈ કામગીરી શરૂ ન થઈ જે માત્ર નામની કામગીરી કરી બીલો મુકવામાં આવી રહયા હોવાનું તથા લાખો રૂપિયાના અપાયેલ કોન્ટ્રાકટમાં મોટી ગેરરીતિ કરવા જાણી જોઈને ચોમાસાની કામગીરીમાં મોડું કરાઈ રહયું હોય તેવું લોકોમાં ચર્ચાય છે. આ અંગેની જાણવા મળતી વિગત અનુસાર સાડા છ લાખના ખર્ચે ગટરોની સફાઈનો કોન્ટ્રાકટ અપાયો છે તો વોંકળાઓમાં જે બાવળો ઉભા છે તેનું શું? એક બાજુ લોક દરબાર મામલતદાર કચેરી ગ્રાઉન્ડમાં રાખવામાં આવેલ પરંતુ માણાવદર પાલિકાના વહીવટદાર કમ મામલતદાર હાજર રહયા ન હતા. શું તેઓને પ્રજાના પ્રશ્નો પ્રત્યે રસ નથી? શહેરના રોડ-રસ્તાની કામગીરીમાં ખુલ્લેઆમ ગેરરીતિ થઈ હોય તેવું સ્પષ્ટપણ જણાય આવે છે તો આ બાબતે પણ તપાસ કરવામાં આવે તેવી આમ જનતામાંથી માંગ ઉઠવા પામી છે.

## જૂનાગઢના સેવાભાવી જાગૃત નાગરિક સુભાષભાઈ પાણીપુરીવાળાનો આજે જન્મદિવસ



જૂનાગઢ, તા.૧૫

જૂનાગઢના જાહેર જીવનમાં સમાજસેવાના ક્ષેત્રે નોંધપાત્ર સેવા પ્રદાન કરનારા સેવાભાવી નાગરિક સુભાષભાઈ પાણીપુરીવાળાનો ૧૫ જૂનના રોજ જન્મદિવસ છે. સુભાષભાઈ B.COM.L.L.B. ડબલ ગ્રેજ્યુએટની ડીગ્રી ધરાવે છે. કારકિર્દીની શરૂઆતમાં રાજકોટ અને જૂનાગઢ ખાતે રંગોળીના ભુગળા અને સૂતરફેણી વહેચી સંઘર્ષ કરી આગળ આવી સુભાષ પાણીપુરી નામે વ્યાપારી સંકુલની સ્થાપના કરી જૂનાગઢ અને આસપાસના વિસ્તારમાં સ્વાદના શોખીનો માં મહત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમની સામાજિક સેવાઓ બદલ કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય અંતર્ગત નહેરુ યુવા કેન્દ્ર જૂનાગઢ દ્વારા બેસ્ટ યુથ એવોર્ડ એનાયત કરાયો હતો. તેઓ એક સારા લેખક પણ છે. અને જૂનાગઢ જિલ્લાનું અગ્રીમ અખબાર સૌરાષ્ટ્રભૂમિ દૈનિકમાં તેમના કેટલાય પ્રાસંગિક લેખો પ્રસિદ્ધ થયા છે. સુભાષભાઈનો ૭૨મો જન્મદિન હોય તેના શુભેચ્છકો તેમના મોબાઈલ નંબર ૯૮૭૯૩ ૬૨૯૧૮ ઉપર શુભેચ્છા પાઠવી રહ્યા છે.

### ગરીબ વિદ્યાર્થીઓને વિતરણ અર્થે

## ગિરનારી ગૃપને લોહાણા સમાજના મોભી પ્રો.પી.બી. ઉનડકટ તરફથી નોટબુકો અપાઈ



જૂનાગઢ તા. ૧૫

જૂનાગઢમાં સમાજ સેવાનું કાર્ય કરનાર ગિરનારી ગૃપને સમાજમાંથી જબરદસ્ત સહકાર મળી રહયો છે. લોહાણા સમાજના મોભી એવા પ્રોફેસર પી.બી. ઉનડકટ તરફથી ગરીબ વિદ્યાર્થીઓને વિતરણ કરવા માટે આકર્ષક પુઠાવાળી ૫૦૦ ફુલસ્કેપ નોટબુકો ગિરનારી ગૃપને આપવામાં આવતા ગિરનારી ગૃપના સભ્યો દ્વારા પ્રો. ઉનડકટનો આભાર માનેલ હતો. આ ઉપરાંત તેઓએ માધવ ક્રેડીટ સોસાયટી તથા સિનીયર મંડળને પણ ૩૦૦ નોટબુકો વિતરણ માટે આપેલ છે.


## માણાવદરમાં શ્રી ગાયત્રી મંદિર ગો સેવક ગૃપ દ્વારા ૨૫ કુંડી શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર, તા.૧૫

શ્રી ગાયત્રી મંદિર ગો સેવક ગ્રુપ માણાવદર આયોજીત ૨૫ કુંડી શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞ નું દિવ્ય આયોજન ભીમ અગિયારસ અને શ્રી ગાયત્રી જયંતિની પૂર્વે આવતીકાલ ૧૬/૬/૨૦૨૪ને રવિવારે સવારના ૮થી બપોરના ૧૨ વાગ્યા સુધી થયું છે.

છેલ્લા ૯૧ વર્ષથી અખંડ જયોતિ પ્રગટ છે એવા શ્રી ચૈતન્ય હનુમાન મંદિર, શ્રી ગાયત્રી મંદિર અને શ્રી ટપકેશ્વર મહાદેવ મંદિરની મધ્યમાં શ્રી ગાયત્રી મંદિરના વિશાળ પરિસરમાં ૨૫ કુંડી શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞ યોજાશે. માણાવદર પંથકમાં સને ૨૦૨૦થી ગો માતા અને નદી બાબાની અવિરત સેવા કરતા બીમાર અંધ અપંગ ગો માતા અને નદી બાબા સેવા અને સારવાર નિસ્વાર્થ ભાવે સેવા કરતા આ સેવા કાર્યમાં પૂરક બનવા ૨૫ કુંડી શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞનું આયોજન કરેલ છે. ગો ઉપાસક અને શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞના સંયોજક મયૂર રાવલના માર્ગદર્શન હેઠળ માણાવદરના ભૂદેવો નિસ્વાર્થ ભાવે સેવા આપશે. શ્રી ગાયત્રી મંદિર અને શ્રી ટપકેશ્વર મહાદેવ મંદિરના પૂજારી શાસ્ત્રી પૂજય મુકેશભાઈ જોશી, શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞના શાસ્ત્રી પૂજય કમલેશભાઈ મહેતા તથા અન્ય ભૂદેવો નિસ્વાર્થ ભાવે માનદ સેવા આપશે. ગો સેવક ગ્રુપના સાથીઓ પાસે કોઈ પણ પ્રકારની ભેટ કે ફી વિના શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞમાં યજમાન પદે બિરાજશે.



શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞ સવારે ૮ કલાકે શરૂ થશે બપોરે ૧૨ વાગે પૂર્ણ થશે. ગો પ્રેમીઓને ભાવિક ભકતોને દર્શનનો લાભ લેવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

શ્રી ગાયત્રી મંદિર ગો સેવક ગ્રુપ માણાવદર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં અંધ અપંગ નિરાધાર ગો માતા અને નદી બાબાની સેવા સારવાર અને પાટા પીંડી સારવાર ત્રણ સેવાભાવી વેટરનરી ડોક્ટરના સહકારથી કરે છે. સ્વેછીક આર્થિક સહયોગથી કાર્ય કરે છે. ૨૫ કુંડી શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞમાં આવેલી તમામ ભેટ રકમ શ્રી ગાયત્રી મંદિર ગો સેવક ગ્રુપને અર્પણ કરાશે.

## શિતલનગર સોસાયટીમાં પ્રોટેકશન વોલ બનાવી આપવા અંગે કમિશ્નરને રજુઆત

જૂનાગઢ તા. ૧૫

જૂનાગઢમાં શિતલનગર જલારામ સોસાયટી પાસે રહેતા એડવોકેટ મનીષ એન. ધોકડીયાએ જૂનાગઢ મનપાના કમિશ્નરને એક લેખિત પત્ર પાઠવી મનપા દ્વારા તોડી નાખવામાં આવેલ પ્રોટેકશન વોલ ફરી બનાવવા માંગણી કરી છે. પત્રમાં જણાવેલ છે કે, અમારી સોસાયટી પાસેથી તળાવનું ઈનલેઈટ એટલે કે જયાંથી પુરા જૂનાગઢનું પાણી કાળવાના વોકળામાંથી તળાવમાં જાય છે. ચાર વર્ષ પહેલા અમારી સોસાયટીમાં પાણી ભરાઈ ગયેલ હતા. મનપા દ્વારા કળવાના વોકકળા ઉપર એસટીપી પ્લાનનું બાંધકામ કરવામાં આવેલ અને આ પ્લાન બનાવતાની સાથે મહાનગરપાલિકાએ સાથે રહી અમારી સોસાયટીની પ્રોટેકશન વોલ તોડી નાખેલ અને જણાવેલ કે અમો ફરીથી આ દિવાલ બનાવી આપશું. પરંતુ આજદિન સુધી પ્રોકટેશન વોલ બનાવી આપેલ નથી. ગત વર્ષે આ દિવાલ ન હોવાના કારણે સોસાયટીના દરેક મકાનમાં પાણી ભરાઈ ગયેલ હતા અને મોટા પ્રમાણમાં નુકશાન થયેલ હતું. હાલમાં એસટીપી પ્લાનનું કામ પુર્ણ થઈ ગયેલ છે તેમ છતાં પ્રોટેકશન વોલ બનાવી આપેલ નથી જે તાત્કાલીક બનાવી આપવામાં આવે તેવી માંગણી કરી છે.

## આવતીકાલ ૧૬ જુન ‘ફાધર ડે’, પિતાનો ગૌરવ દિન

વિશ્વમાં અનેક પ્રકારનાં દિવસોની ઉજવણી કરવામાં આવે છે. જો કે ભારતીય સંસ્કૃતિમાં માત્ર જન્મદિવસની ઉજવણી કરવામાં આવતી હતી. પણ છેલ્લા ઘણાં વર્ષોથી આપણા દેશમાં પણ પશ્ચિમ સંસ્કૃતિએ પગ પેસારો કર્યો છે. હવે અહીં પણ વર્ષ દરમ્યાન વેલેન્ટાઈ ડે, રોઝ ડે, બર્થ ડે, બ્લડ ડે સહીતનાં અનેક ડે ની ઉજવણી કરવામાં આવે છે.

તો મિત્રો અહીં માતા, પિપને સન્માનિત કરતાં મધર ડે તેમજ ફાધર ડે ની પણ ઉજવણી કરવામાં આવે છે. આ બંનેનાં દિવસની ઉજવણી કરવામાં આવે તે ખુબ સારી બાબત કહીં શકાય તેવી છે. મિત્રો માતા, પિતાનાં દિવસની ઉજવણીમાં બંનેનાં જીવનનાં સંઘર્ષ, પરિશ્રમ, સાહસની સાથોસાથ સંતાનોનાં ઉજજવળ ભવિષ્ય બનાવનારનો ફાળો છે. જેમ સંતાનોનાં ઉજજવળ ભવિષ્ય બનાવવામાં તેની જનેતાનો વ્હાલ અને પરિશ્રમ સાથેનો સંઘર્ષ જીવંત છે. વેદનાઓ સહન કરી, તેની જાત ઘસી નાખનાર માં ની સાથે પિતાનો પણ બહુમૂલ્ય ફાળો છે.

ફર્ક એટલોજ છે કે માં ની વેદનાઓ બહાર આવી જાય છે. પિતાનો સંઘર્ષ, મહેનત પિતા બહાર દર્શાવતા નથી. જો કે બંને પોતાનાં સંતાનોનાં ઉજજવળ ભવિષ્ય બનાવવામાં તેને સફળતા અપાવવામાં ખુદ અંધારામાં જતાં હોય છે જે સનાતન સત્ય છે.

સાહેબ, ભગવાન પછીનો કોઈ દરજ્જો હોય તો તે છે માતા, પિતાનો છે. શાયર કહે તેમ કે "માં, બાપ કે ચરણો મે જન્નત હૈ"

મિત્રો આ બંનેનું માન, સન્માન આદર ભાવ સાથે તેનું સ્થાન પરિવારમાં ઉંચુ આપો, તમારે ક્યાંય મંદિરમાં કે પછી ગંગા નહાવાની જરૂર નહિ રહે. બલ્કે ઘર જ સ્વર્ગ બની જશે. તેમને ગાડી, બંગલા જાહો-જલાલી નથી જોતી માત્ર ને માત્ર શાંતિ સાથે માન સન્માન આદર જોઈતું હોય છે. અને આમ પણ તમારી જાહોજલાલીનાં મૂળિયામાં બંનેની મહેનતનું જળ પીવડાવેલ હોય છે. સંતાનો તો તૈયાર ભાણે જમવાં બેસતા હોય છે. આને કદી જાકારો નાં આપવો નહીંતર એક દિવસ તમારાં આલીશાન




બંગલાની કાંકરી ખરવાની શરૂઆત થઈ જશે. અને આમ પણ કુદરતનો એક નિયમ છે જેવું વાવશો તેવુંજ લણાશે, તે સત્ય વાત છે. જેમ "સોયની પાછળ દોરો હોય.. "

તમારૂં સંતાન પણ તમારી વર્તુણૂંકનું અનુકરણ કરશે. જમાનો કેટલો કરવટ બદલતો હોય છે. જે બાળકની આંગળી પકડી બાપ જિંદગીનો રસ્તો પસાર કરાવે છે. તેજ બાપની ધ્રુજતી આંગળીઓ કે હાથ સંતાનો અધરસ્તે મૂકી દેતાં હોય છે. પણ બાપ કદી તે વાત ક્યાંય જણાવતો નથી. બલ્કે હસતો જણાતો હોય છે.

બાકી તો માતા- પિતાનાં અગણિત ઉપકાર આપણા ઉપર હોય છે. તેનાં વિષે લખીએ તો બુકનાં પન્ના ઘટે ભાઈ, તો ચાલો આવતીકાલે "ફાધર ડે " જે ૧૬જૂનનાં દિવસે આખા વિશ્વમાં ઉજવવામાં આવે છે. તો આપણે પણ આપણા પિતાજીનાં ચરણમાં વંદન કરીએ, પૂજા કરી, તેને આદર આપીએ. માં બાપ સંસાર રથનાં પૈડાં સમાન છે. જે સંસ્કાર રૂપી રોડ ઉપર સમાન ચાલે છે. અને તેનાં સંતાનોને પણ ધર્મ, સંસ્કાર, પરિશ્રમ નીતિ નિયમનાં સદ્ગુણ અર્પણ કરે છે. આ ધરતી ઉપરનાં ભગવાન માતા-પિતાને આજનાં દિનની સાથોસાથ નિત વંદન કરીએ. "પિતૃ દેવો ભવઃ માતૃ દેવ ભવઃ "

- આલેખન :વિજય ચુડાસમા

## જૂનાગઢ ખાતે જીલ્લા રોજગાર કચેરી દ્વારા તા.૧૮ જૂને ભરતી મેળો યોજાશે

જૂનાગઢ, તા.૧૫

જૂનાગઢ જિલ્લાનાં રોજગારવાંચ્છુઓને રોજગારીનો ઉમદા અવસર પ્રાપ્ય થાય તેવા હેતુસર ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ ટાટા મોટર્સ પેસેન્જર વિહીકલ લીમીટેડ મુ.કોતરપુરા, અમદાવાદ-વિરમગામ હાઈવે, તા.સાણંદ-અમદાવાદ કંપની ખાતે ક્યુસ કોર્પો. લીમીટેડના કરાર ઉપર એકમમાં ભરતી હેતુ ખાલી પડેલ ટ્રેઈનીની જગ્યાઓ માટે ૧૮ થી ૨૩ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાને અનુરૂપ એચ.એસ.સી, કે આઈ.ટી.આઈ. (પુરૂષ ૫૦% તથા મહિલા ૪૦% પાસીંગ માર્ક સાથે તથા તથા મીનિમમ ઉંચાઈ અને વજન ૧૫૦ સે.મી. ૫૦ કિગ્રા. પુરૂષ તથા ૧૪૫ સે.મી. ૪૫ કિગ્રા. મહિલા) લાયકાત ધરાવનાર રોજગારવાંચ્છુઓ માટે ભરતીમેળાનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, બી વિંગ, પ્રથમ માળ, બહુમાળી ભવન, જૂનાગઢ ખાતે તા.૧૮-૬-૨૦૨૪ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે કરવામાં આવ્યું છે. આ ભરતીમેળામાં ભાગ લેવા હેતુસર રોજગારવાંચ્છુઓએ શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતીમેળા સ્થળ ઉપર ઉપસ્થિત થવાનું રહેશે. ભરતીમેળામાં રોજગાર વાંચ્છુઓ અનુબંધમ પોર્ટલ https://anubandham.gujarat.gov.in ના માધ્યમથી પણ ભાગ લઈ શકે છે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢના ટેલીફોન નંબર ૦૨૮૫-૨૬૨૦૧૩૯ પણ સંપર્ક કરી શકાશે.

### ખેડૂતો આ યોજનાઓનો લાભ લેવાનુ ચૂકશો નહીં

## ખેડૂતોને સ્માર્ટ ફોન ખરીદવા, પાક સંગ્રહ સ્ટ્રક્ચર તથા પાણીના ટાંકાના બાંધકામ ઉપર સહાય

### આઈ-ખેડૂત પોર્ટલ ઉપર તા.૧૮મી જૂનથી અરજી કરી શકાશે

જૂનાગઢ તા.૧૫

ખેડૂતોએ સ્માર્ટ ફોન, પાક સંગ્રહ સ્ટ્રક્ચર તથા પાણીના ટાંકાના બાંધકામ ઉપર સહાય યોજના માટે ઓનલાઈન અરજીઓ આગામી તા.૧૮ જૂન થી આઈ-ખેડુત પોર્ટલ કરી શકાશે.

જૂનાગઢ જિલ્લાનાખેડૂતોને ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ ઘરઆંગણે મળી રહે તે હેતુસર www. ikhedut. gujarat. gov.in પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે. આ પોર્ટલ મારફત સને ૨૦૨૪-૨૫ માટે સ્માર્ટફોન ઉપર સહાય યોજના, પાક સંગ્રહ સ્ટ્રકચર યોજના અને પાણીના ટાંકાના બાંધકામ ઉપર સહાય યોજનાનો લાભ મેળવવા માટે ઓનલાઈન અરજી કરવાની રહેશે. રાજય સરકાર દ્વારા આઈ.ખેડૂત પોર્ટલ તા.૧૮-૦૬-૨૦૨૪ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે થી દિન-૭ માટે ખેડૂતો દ્વારા ઓનલાઈન અરજીઓ કરવા માટે ખુલ્લું મુકવામાં આવશે.આ યોજનાઓ હેઠળ લાભ મેળવવા માંગતા ખેડૂતોને ઓનલાઈન અરજી કરવા માટે જિલ્લા પંચાયત, જૂનાગઢની ખેતિવાડી શાખા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# માંગનાથનાં વેપારીઓમાં પ્રચંડ રોષ : ડે. મેયર હોય કે અધિકારી અમે અનસન પર ઉતરીશું : ભુપેન્દ્ર તન્ના

## કાયદો માત્ર પ્રજા માટે જ છે : ભાજપનાં નેતાઓની બિલ્ડીંગોને કોઈ હાથ પણ અડાડતું નથી : 'ચુંટણી આવશે ત્યારે અમે જોઈ લેશું' - વેપારીઓનો પુણ્ય પ્રકોપ





જૂનાગઢ તા. ૧૫

જૂનાગઢ શહેરનાં હાર્દસમા માંગનાથ રોડ વિસ્તારમાં કોર્પોરેશનનાં સત્તાધિશો દ્વારા ફાયર એનઓસી અને બીયુ મામલે કાર્યવાહી કરાતા ગઈકાલે વધુ ૬ ગોડાઉનોને સીલ મારી દેવાનાં પગલે માંગનાથ રોડ કલોથ એન્ડ રેડીમેઈડ એસો.નાં પ્રમુખ ભુપેન્દ્ર તન્નાએ મીડીયા સમક્ષ બળાપો વ્યકત કરતા જણાવ્યું હતું કે રાજકોટમાં અગ્નિકાંડ થયો ત્યાં સુધી બધા સુતા હતાં. કોર્પોરેશનનાં લોકો પૈસા બનાવતા હતાં. અગ્નિકાંડ બાદ કોર્પોરેશનનાં સત્તાધિશો જાગ્યા છે અને આડેધડ કાર્યવાહી કરી રહયા છે. દુકાનોને સીલ મારી રહયા છે. કમિશ્નર પાસે ટાઈમ નથી. વેપારીનું કોઈ સાંભળતું નથી. અને ગેટ આઉટ કહી બહાર કાઢી દેવામાં આવે છે. અને વેપારીઓ જાણે હાલી-મવાલી હોય તેવું વર્તન કરવામાં આવે છે. માંગનાથ વિસ્તાર વોર્ડ નં. ૧૦માં આવે છે. આ વોર્ડ નં. ૧૦નાં કોર્પોરેટર ડે. મેયર છે. પરંતુ કોઈ રજુઆત સાંભળતા નથી. કોર્પોરેશનાનાં સત્તાધિશો ૧૦ મીનીટ પહેલા આવીને નોટીસ આપે છે અને ૧૦ મીનીટ બાદ સીલ મારી દે છે. આ સંજોગોમાં વેપારીઓએ ગોડાઉનમાંથી પોતાનો માલ કેમ કાઢવો ? વેપાર કેમ કરવો ? તેવો સવાલ ઉઠાવતાં ભુપેન્દ્ર તન્ના કહયું કે વેપારીઓની રજુઆત કોઈ સાંભળતું નથી. કમિશ્નર જવાબ આપતા નથી. ચુંટાયેલા કોર્પોરેટર હજુ સુધી ફરકયા નથી. અમે સીલ મારવાની કાર્યવાહીનો સખ્ત વિરોધ કરશું. અધિકારી હોય કે ડે. મેયર ગમે તે હોય અમે તેનો સખ્ત વિરોધ કરીશું. અને આખી બજાર ઉપવાસ આંદોલન પર બેસશે. અમારી કોઈ ફરીયાદ સાંભળતું નથી. નેતાઓ અને અધિકારીઓ તમામ ભ્રષ્ટાચારી છે, રૂપિયા બનાવવા સિવાય કોઈ કામ કરતા નથી. કોઈનું કાંઈ સાંભળવું નથી. પ્રજા-વેપારીઓની કોઈ વાત સાંભળવી નથી. કમિશ્નરનાં ઓર્ડરથી વિજ કનેકશન કાપી નાંખવામાં આવે છે. અમારે આ સંજોગોમાં ધંધો કેમ કરવો ? તેવો આક્રોશ વેપારીઓએ વ્યકત કર્યો છે. અને રાજકોટની ઘટના બની એટલે બધા દોડવા માંડયા છે અને પાડાનાં વાંકે પખાલીને ડામ આપે છે. ખાલી ખોટી નામના મેળવવા માટે અધિકારીઓ આ કાર્યવાહી કરે છે. અમારી એવી માંગણી છે કે અધિકારી અમારી યોગ્ય રજુઆત સાંભળે. અમને પાંચ પંદર દિવસની મુદત આપે જેથી અમે તમામ ઘટતી કાર્યવાહી કરી શકીએ. એનઓસી સહીતની કાર્યવાહી કરવા અમે તૈયાર છીએ. અત્યાર સુધી અમને કોઈએ કાંઈ કહયું નથી તેથી અમને ખબર નથી. વેપારીઓને હેરાન કરવા સિવાય અધિકારીઓનો કોઈ લક્ષય નથી. મન ફાવે ત્યારે આવે છે અને સીલ મારી જાય છે. અને તમારાથી થાય તે કરી લો તેવું જણાવેલ છે. એટલું જ નહી ભુપેન્દ્ર તન્નાએ એવો સનસનીખેજ આક્ષેપ પણ કર્યો છે કે નેતાઓની જે બિલ્ડીંગો છે તેની કોઈ કાંકરી પણ હલાવતું નથી. નેતાઓની બિલ્ડીંગોમાં કોઈ તપાસ કરવા જતું નથી. કોઈ નોટીસ અપાતી નથી. ભાજપનાં નેતાઓનાં બિલ્ડીંગોને કોઈ સીલ મારતું નથી. અધિકારીઓએ એવી નિતી અપનાવી છે કે ભાજપનો કાર્યકર હોય કે નેતા હોય તેની કોઈ બિલ્ડીંગોને હાથ લગાવવાનો નથી. આ કાયદો માત્ર પ્રજા માટે છે ભાજપનાં નેતાઓ માટે નથી. આટલા બધા ભાજપનાં નેતાઓ છે કેમ કોઈ ડોકાવા આવ્યું નથી ? તેવો સવાલ ઉઠાવતાં ભુપેન્દ્ર તન્નાએ કહયું કે શું વેપારીઓ ટેકસ ભરતા નથી ? અમે દુકાનો બંધ કરીને શું મજુરી કરવા જતા રહીએ ?

અમારી વાત સાંભળવા કોઈ તૈયાર નથી. જે કાર્યવાહી કરવી હોય તે કરો પરંતુ અમારી યોગ્ય રજુઆત તો સાંભળો ? એસટીપીઓ જેવા અધિકારી મન પડે ત્યારે દાદાગીરી કરવા આવી જાય છે. અને કાર્યવાહી કરે છે. આ ચોખ્ખી દાદાગીરી કરે છે. નો આર્ગ્યુમેન્ટ, ગેટઆઉટ જેવા શબ્દોનો પ્રયોગ કરે છે. અમે પ્રજા છીએ અમારા થકી જ તેઓ બેઠા છે.

અમે તેમના થકી નથી. બધાને ખોટી રીતે દબાવે છે. દુકાનોનાં સીલ મારી જાય છે. કમિશ્નર રજા ઉપર છે તેથી અમારી ફરીયાદ કોઈ સાંભળતું નથી હવે અમારે શું કરવું ? જયાં ગેરકાનુની બાંધકામ છે ત્યાં માત્ર ગરીબોનાં ઝુંપડા હટાવી અને સંતોષ માની લીધો. કોઈનું કંઈ સાંભળતા નથી. સીલ નહી મારવાની કોઈ ભલામણ ન આવે તે માટે કમિશ્નર રજા પર ઉતરી ગયા છે તેમ ભુપેન્દ્ર તન્નાએ જણાવ્યું હતું.

# જૂનાગઢ ચોબારી ફાટક નજીકથી બે વિદ્યાર્થી કારમાં દારૂની હેરાફેરી કરતા ઝડપાયા



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૫

જૂનાગઢ પોલીસને પ્રાથમિક બાતમી મળતાં ઘણા સમયથી બે વિદ્યાર્થીઓ દારૂની હેરાફેરી કરતા હોય એવું જાણવા મળતાં જૂનાગઢ પોલીસે વોચ ગોઠવી ગાડી નં. જીજે-૧-ડબલ્યુજી ૫૬૦૮ નંબરની કાર મધુરમ-વંથલી રોડ પરથી નીકળી ઝાંઝરડા ચોકડી બાજુ જવાની હોવાનું જાણવા મળતાં સી ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ આર.પી. વણજારાએ વહેલી સવારે વોચ ગોઠવતાં ચોબારી ફાટક પાસે બાતમીવાળી કાર આવતાં તેની તલાશી લેતાં કારની પાછળ સીટ અને ડેકીમાંથી રૂા. ૬૪૦૩૨ની કિંમતનો ૧૬૮ બોટલ વિદેશી બનાવટનો દારૂ મળી આવ્યો હતો. પોલીસે દારૂનાં જથ્થા સાથે કોડીનાર નાવાવાળા ગામનો વતની અને હાલ જૂનાગઢનાં ખામધ્રોળ રોડ વિસ્તારમાં રહેતો નર્સીંગનો વિદ્યાર્થી વિવેક રણવીરભાઈ સોસા (ઉ.વ. ૨૦) અને કોડીનાર તાલુકાનાં સરખડી ગામનો વતની અને હાલ ખામધ્રોળ રોડ વિસ્તારમાં રહેતો બીકોમમાં અભ્યાસ કરતો અનીલ કરશનભાઈ રાઠોડ (ઉ.વ. ૧૯)ને ઝડપી લીધેલ છે. પોલીસે પ્રાથમિક પુછપરછ કરતાં બંને ગીર સોમનાથ જીલ્લાનાં ઉનાનાં વસીમ ઉર્ફે ભુરો મેમણ પાસેથી દારૂનો જથ્થો લીધો હોવાનું જણાવ્યું હતું. આથી પોલીસે દારૂનો જથ્થો કબ્જે કરી અને વસીમ ઉર્ફે ભુરાની ધરપકડ માટે ચક્રો ગતીમાન કરેલ છે. શનિવાર સાંજ સુધીનાં રીમાન્ડ મેળવી વધુ તપાસ સી ડીવીઝનનાં પીએસઆઈ આર.પી. વણઝારાએ હાથ ધરી છે.

આમ શોર્ટકટ રસ્તે રૂપિયા કમાવવાની લાલચમાં બે વિદ્યાર્થીઓની જીંદગી બગડી ગઈ છે. વાલીઓ તો અભ્યાસ માટે વિદ્યાર્થીઓને બહારગામ મોકલે છે પરંતુ તે અવડે રસ્તે વળી જતાં અને શોર્ટકટ રસ્તો અપનાવતાં હોવાથી અનેક ગુનાઓનો વિદ્યાર્થીઓ ભોગ બને છે. અથવા તો નશીલા પદાર્થ અને દારૂની લતે ચડી જતાં હોવાથી વાલીઓએ સતર્ક રહેવાની જરૂર છે. અને પોતાનાં બાળકો શું કરે છે તેની દેખરેખ રાખવાની જરૂર છે.

### વિશ્વ રક્તદાન દિન નિમિત્તે

# જુનાગઢ સિવિલ હોસ્પીટલમાં રક્તદાન શિબિર યોજાઇ - ૯૦ રક્તદાતાઓનું સન્માન કરાયું

જુનાગઢ તા ૧૫

તા.૧૪ જૂન ૨૦૨૪ના રોજ વિશ્વ રકતદાતા દિવસ નિમિતે gmers મેડિકલ કોલેજ અને સીવીલ હોસ્પિટલના પ્રથમ માળે ૧૦૬ રૂમ નંબર બ્લડ સેન્ટર ખાતે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું.આ કાર્યક્રમમાં મેડિકલ કૉલેજના ડિનશ્રી ડૉ. હનમંત આમને, સીવીલ હોસ્પિટલના મેડિકલ સુપરિટેન્ડેન્ટ ડૉ.કૃતાર્થ બ્રહ્મભટ્ટ, ડૉ. પૃથ્વીરાજસિંહ વાઘેલા, ડૉ. દિગંત સિકોતર, ડૉ. અમિત ત્યાગી, ડૉ.હાર્દિક મકવાણા, ડૉ. સોલંકી, ડૉ. જય કણસાગરા, ડૉ. એ.સી. કુબાવત તથા નર્સિંગ સુપરિટેન્ડેન્ટ હેમલતા મેડમએ હાજરી આપી હતી.

કાર્યક્રમમાં રકતદાતાઓને બિરદાવવા તથા લોકોને રક્તદાન અંગેની જાગૃતિ લાવવા બેનર અને પોસ્ટર રાખેલ હતા. તથા ૫૦થી વધુ વખત રક્તદાન કરેલ ૯૦ રકતદાતાઓનું પ્રમાણપત્ર આપીને સન્માનિત કરેલ અને વિવિધ કેમ્પ કરનારા ૩૫ કેમ્પ આયોજકોનું મોમેંટો આપી સન્માન કરેલ. આ કાર્યક્રમમાં બ્લડ સેન્ટર ઈન્ચાર્જ ડૉ.ભાવિન પઢારિયાએ લોકોને વધુમાં વધુ રક્તદાન કરી જાગૃતિ લાવવા માટે પ્રેરીત કરવાનો સંદેશ આપ્યો હતો. આ કાર્યક્રમની સપથ ગ્રહણ વિધિ ડૉ. ઈંકલ ગજેરા દ્વારા કરવામાં આવી હતી.આ કાર્યક્રમનું સંચાલન ડૉ. અવની કંઝારિયા દ્વારા કરવામાં આવેલ હતું.આ કાર્યક્રમમાં વિવિધ કેમ્પ આયોજકો જેવા કે ગિરનારી ગ્રુપ, સર્વોદય ગ્રુપ, અભય ગ્રુપ, સદગુરુ દેવારામ બાપા આશ્રમ, બાપા સીતારામ ગ્રુપ, અર્હમ યુવા ગ્રુપ, સત્યમ યુવા ગ્રુપ, રોટરી ક્લબ, ઈન્ડિયન રેસ્ક્રોસ, દીપકભાઈ, રોટરેકટ કલબ, શ્રી RAR ફાઉન્ડેશન ગ્રુપ વગેરે એ હાજરી આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા બ્લડ સેન્ટર સ્ટાફ એ ભારે જહેમત ઊઠાવી હતી.



# જૂનાગઢ જીલ્લાના ખાતર ડેપોના ૧૪૦ વિક્રેતાઓ ગેરલાયક ઠરતા પરવાના રદ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૫

ખેડૂતોને ઉચ્ચ ગુણવતા સાથે જથ્થો પુરતા પ્રમાણમાં મળી રહે તેને લઈને સરકાર દ્વારા ખેતી નિયામક વિસ્તરણ વિભાગને જવાબદારી સોંપવામાં આવી છે. ત્યારે જૂનાગઢ જીલ્લાના બિયારણ, ખાતર અને જંતુનાશક દવાનું વેંચાણ કરતા ૧૪૦ વિક્રેતાઓ ગેરલાયક ઠરાવતા તેમના પરવાના રદ કરવામાં આવ્યા છે. તેમજ અન્ય ૧૮૪ને નોટિસ આપવામાં આવી છે. જૂનાગઢ જીલ્લા નાયબ ખેતી નિયામક વિસ્તરણ અધિકારી એસ.એમ ગધેસરીયા સહિતની ટીમ દ્વારા જીલ્લામાં ખાતર, જંતુનાશક દવા અને બિયારણના નિયંત્રણ બાબતે ખેડૂતોને સમયસર અને સારી ગુણવતા યુકત મળી રહે તે માટે ટીમ દ્વારા સતત તપાસ કરવામાં આવતી હોય છે. જેથી કરીને નગરજનોને પ્રેસ્ટીસાઈડયુકત અનાજ ન મળે અને તેમની આરોગ્યની સુખાકારીને ધ્યાને રાખીને તંત્ર દ્વારા સતત સઘન તપાસ અને કાર્યવાહી કરવામાં આવતી હોય છે. જેથી લોકોના આરોગ્ય સાથે ચેડા ન થાય તેમજ ખેડૂતોને પણ ઉચ્ચ ગુણવતા વાળુ અને પુરતા પ્રમાણમાં યોગ્ય ભાવે મળી રહે તેવા હેતુ સાથેની કામગીરી કરવામાં આવતી હોય છે. ત્યારે વર્ષ ૨૦૨૩-૨૪માં ટીમ દ્વારા જીલ્લામાં બિયારણ, જંતુનાશક દવા અને રાસાયણીક ખાતરનું વેંચાણ ઉત્પાદન કરતી વિવિધ પેઢીઓમાંથી બિયારણના ૧૨૧૦, ખાતરના ૬૫૫ અને જંતુનાશક દવાના ૪૦૦ મળીને કુલ ૨૨૬૫ નમુના લઈ અને લગત પ્રયોગશાળાને પરિક્ષણ અર્થે મોકલવામાં આવેલ હતા. જે કચેરીના લક્ષ્યાંક સામે ૧૦૦ ટકા કામગીરી પુર્ણ થવા પામી છે. જે પૈકી બિયારણના ૩૧, ખાતરના ૨૯ અને જંતુનાશક દવાના ૨૦ મળીને કુલ ૮૦ નમૂનાઓ બિન પ્રમાણીક થતા જવાબદાર પેઢીઓ, જવાબદાર વ્યકિતઓ અને ઉત્પાદન કરતી કંપની સામે ગુણવતા નિયંત્રણ તંત્ર દ્વારા કોર્ટ કેસની કાર્યવાહી કરવામાં આવેલ છે. ઉપરાંત જીલ્લામાં બિયારણ ૫૭, ખાતર ૪૩ અને જંતુનાશક દવાના ૪૦ મળીને કુલ ૧૪૦ વિક્રેતાઓના વિવિધ કારણોસર અને ગેરલાયક ઠરતા પરવાના રદ કરવામાં આવ્યા છે.

ચાલું વર્ષની કરવામાં આવે તો બિયારણ, રાસાયણીક ખાતરની ખરીદી શરૂ થઈ ત્યારથી તાલુકાના ખેતીવાડી અધિકારી, મદદનીશ ખેતી નિયામક તથા નાયબ ખેતી નિયામકની સ્થાનિક સ્કવોડની રચના કરી કામગીરી કરવામાં આવી હતી. તેમજ સંયુકત ખેતી નિયામક વિસ્તર કક્ષાએથી વિભાગીય સ્કવોડની રચના કરી અન્ય જીલ્લાના અધિકારી દ્વારા અત્રેના લગત અધિકારીઓ સાથે રહી તેમજ રાજય કક્ષાની સ્કવોડની રચના કરી વેંચાણ કરતી પેઢીઓ તથા ઉત્પાદકોનું સઘન તપાસણી કરી નમૂનાઓ એકઠા કરવામાં આવ્યા હતા. જેમાં કુલ ૫૨૫ નમૂનાઓને પૃથકરણ માટે પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા હતા. જે પૈકી બિયારણના ૨ અને ખાતરના ૨ મળીને કુલ ૪ નમૂનાઓ બિન પ્રમાણિત જાહેર થતા જવાબદાર પેઢીઓની સામે કોર્ટ કાર્યવાહી કરવા અંગેની પ્રક્રિયા હાલ ગતીમાં ચાલી રહી છે. દર વર્ષે વાવણીની સિઝનની શરૂઆતથી જ નમૂના લેવાની કામગીરી પુરજોશમાં શરૂ કરવામાં આવતી હોય છે. જેના ભાગરૂપે જીલ્લામાંથી બિયારણના ૩૦૦, ખાતરના ૧૭૦ અને જંતુનાશક દવાના ૫૫ મળીને કુલ ૫૨૫ લેવામાં આવ્યા છે. જેમાં ચાલું વર્ષે ફાળવેલ લક્ષ્યાંક ૧૨૯૦ સામે માત્ર અઢી મહિનામાં જ ૫૨૫ નમૂના લેવામાં આવતા ૪૧ ટકા કામગીરી પુર્ણ કરાઈ છે. કાયદાની જોગવાઈ અનુસાર જે વિક્રેતાઓ બિયારણ, ખાતર અને દવાનો વેપાર લાંબા સમયથી નથી કરતા અથવા તો નિષ્ક્રિય હોય તેવા વિક્રેતાઓના પરવાના કાયમી ધોરણે રદ કરવાની કાર્યવાહી હાલ ચાલી રહી છે. જેને લઈને આગામી દિવસોમાં તેનો સર્વે થયા બાદ આ તમામ વિક્રેતાઓના પરવાના રદ કરવામાં આવશે.

## છોડવડીમાં મહિલાનું ગળાફાંસો ખાતા મૃત્યું

જૂનાગઢ તા. ૧૫

મુળ મધ્યપ્રદેશની અને હાલ ભેંસાણ તાલુકાનાં છોડવડી ગામે રાજેશભાઈ સાવલીયાની વાડીએ મજુરી કરતી શીલાબેન દિલીપભાઈ નરગાવે (બારેલા)એ વાડીની ઓરડીમાં આડીમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાતા મૃત્યું નિપજયું છે.

# જૂનાગઢના જોષીપરામાં જાહેર રસ્તા ઉપરની પેશકદમી દુર કરવા માંગણી : કમિશ્નરને આવેદનપત્ર અપાયું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢના જોષીપરા વિસ્તારમાં સાર્વજનીક પ્લોટ અને રસ્તા ઉપર બાંધકામ કરી પેશકદમી કરવામાં આવી હોવાની કોંગ્રેસે રજુઆત કરી હતી. પરંતુ આ દબાણ દુર કરવા કોઈ કાર્યવાહી ન થતા કોંગ્રેસે કમિશ્નરને આવેદનપત્ર આપી દબાણ દુર કરવા માંગ કરી છે. વધુમાં કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે, ભાજપના નેતાઓની માલિકીની યુનિવર્સિટી દ્વારા આ પેશકદમી કરવામાં આવી હોવાથી તંત્ર કોઈ પગલા લેતું નથી. શહેરના જોષીપરામાં આવેલા આંબાવાડી સાર્વજનીક તથા જાહેર રસ્તા ઉપર સ્કૂલનું બાંધકામ કરી દેવામાં આવ્યું છે. આ દબાણ દુર કરવા માટે તા.૬ના કોંગ્રેસે રજુઆત કરી હતી. પરંતુ મનપા દ્વારા કોઈ કાર્યવાહી થઈ નથી. જૂનાગઢ શહેર કોંગ્રેસે કમિશ્નરને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં ભાજપના નેતાઓની માલિકીની યુનિવર્સિટી દ્વારા દબાણ કરી બાંધકામ કરવામાં આવ્યું છે. જાહેર રસ્તા ઉપર બાંધકામની મંજુરી લીધી છે કે કેમ ? મંજુરી લીધી હોય તો સ્થળ તપાસ કરી છે કે કેમ ? એ સહિતના સવાલો કર્યા છે. આ દબાણ તાત્કાલીક ધોરણે ખુલ્લું કરી જવાબદારો સામે ફોજદારી રાહે પગલા લેવા અને દંડ વસુલ કરવા માંગ કરી છે.

# ખેતીવાડી અધિકારીનો વચેટીયો રૂા.૧૦,૦૦૦ની લાંચ લેતા ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)



જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ એસીબીએ માખિયાળા ખાતે ગોચ ગોઠવી ખેતીવાડી અધિકારી વતી વચેટિયોને ૧૦,૦૦૦ની લાંચ લેતા ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે. બિયારણના સેમ્પલો રિજેકટ નહીં કરવા માટે જૂનાગઢના વર્ગ-૨ના ખેતી અધિકારી મયંક પી. સીદપરાએ રૂપિયા ૧૦,૦૦૦ની લાંચની માંગણી કરી હતી. પરંતુ ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોય આથી તેમણે એસીબીનો સંપર્ક કરી ફરિયાદ આપી હતી. જેના આધારે જૂનાગઢ એસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર જે.બી. કરમુરે શુક્રવારે જૂનાગઢ તાલુકાના માખીયાળા ગામે આવેલ ઓમ એગ્રો સેન્ટર ખાતે લાંચનું છટકું ગોઠવ્યું હતું. આ કાર્યવાહી દરમ્યાન ફરિયાદી સાથે હેતુલક્ષી વાત કરી ખેતી અધિકારી મયંક સીદપરા વતી માખીયાળાના કેતન શંભુભાઈ બાલધાને ફરિયાદી પાસેથી રૂપિયા ૧૦,૦૦૦ની લાંચ સ્વીકારતા રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો હતો. આ અંગે એસીબીએ જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં મયંક સીદપરા વિરૂદ્ધ ગુનો દાખલ કરાવી તેની શોધખોળ હાથ ધરી હતી.


સી. સી. પડદાવાળા

● ફર્નિચર ● વોલ પેપર ● પડદાનું કાપડ
● ફર્નિચર માલ ● મેટ્રેસ ● ઓફિસ કેર્ટન
● પ્લાયવુડ ● પીલો ● મોડયુલર કિચન
● હેન્ડલ
● પડદા
● સોફા
● સોફા માલ

પડદા, સોફા, ફર્નિચર વ્યાજબી ભાવે કરી આપવામાં આવશે

તળાવ ગેઈટ, રેલ્વે ક્રોસીંગ, ૧લો માળ, સયુબ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧

મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫



ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

MI-GL

બીના ઈલેક્ટ્રોનિક્સ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્કર સાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.